# જૈન પાઠાવલી

પુસ્તક 4

શ્રેણી 4



શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ સંચાલિત
દર્શન જ્ઞાન ચારિત્ર
માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા
ધાર્મિક શિક્ષણ બોર્ડ

**પ્રકાશક**

શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**સંચાલિત**

માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા - ધાર્મિક શિક્ષણ બોર્ડ

## પ્રકાશન દિન

| | | |
|---|---|---|
| વીર સંવત | : | 2550 |
| વિક્રમ સંવત | : | 2080 |
| ઈ.સ | : | August 2024 |

## પ્રથમ આવૃત્તિ

| | | |
|---|---|---|
| પ્રત | : | 3000 |
| જ્ઞાનાર્થે | : | 50 ₹ |

---

## પ્રાપ્તિ સ્થાન

શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

**: સંચાલિત :**

**માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ**

**Aaradhya one Earth**
**Gr floor, H wing, Naidu colony,**
**Pantnagar, Ghatkopar (East), Mumbai 400075**

**Office : 9702277914**

**Chhayaben Kotecha : 9029933775**

**Alpaben Mehta: 9820462132**

**E-mail : jainshikshanboard@gmail.com**
**website : www.jainshikshan.org**




# શ્રુત સ્તંભ

SOHAM MAHILA MANDAL

**શ્રી સોહમ મહિલા મંડળ,**
**પાવનધામ - કાંદિવલી.**

જ્ઞાનદાન યોજનામાં સહભાગી બની
જ્ઞાનપ્રસારના કાર્યમાં સહકાર આપી
સ્વયંના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર
લોકોત્તર પુણ્યનો બંધ કરનાર સોહમ મહિલા મંડળનો
ધાર્મિક શિક્ષણ બોર્ડ ખૂબ ખૂબ આભાર માને છે
તેઓના ઉત્કૃષ્ટ ભાવોની અનુમોદના કરે છે

|| નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

# માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

# Matushree Maniben Manshi Bhimshi Chhadva Dharmik Shikshan Board,

Aaradhya one Earth - Gr floor, H wing,
Naidu colony, Pantnagar, Ghatkopar (East), Mumbai 400075

## જ્ઞાનદાન મહાદાન

### જ્ઞાન યોજના

**₹1,00,000/- શ્રુતસ્તંભ**

| | |
|---|---|
| ₹51,000/- શ્રુતાધાર | ₹5,000/- શ્રુતસહયોગી |
| ₹25,000/- શ્રુતપ્રભાવક | ₹2500/- શ્રુતસહાયક |
| ₹11,000/- શ્રુતપ્રેરક | ₹1000/- શ્રુતઅનુમોદક |

દેશ-વિદેશના હજારો પરીક્ષાર્થીઓ શ્રેણી 1 થી 25 ની પરીક્ષાઓ આપીને જ્ઞાનવૃદ્ધિ કરી રહ્યા છે. આપશ્રી જ્ઞાનદાન યોજનામાં સહભાગી બનશો અને અન્યને અનુમોદના માટે પ્રેરિત કરશોજી.

## Banking Details for DONATION to Dharmik Sikshan Board

**A/c Name** : Shree Greater Bombay Vardhaman Sthanakvasi Jain Mahasangh

**Bank Name** : Bank of Baroda **Branch** : Ghatkopar East

**IFSC Code** : BARB0GHAEAS

**A/c. No.** : 70130100028329

ચેક / ડ્રાફ્ટ શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થા. જૈન મહાસંઘના નામે લખવો.

# અતીતની અટારીએથી

આજે વિશ્વમાં પ્રલોભનો વધી રહ્યાં છે. આજનો માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત નહીં પણ મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય અને નિરાંત જેવા શબ્દો તો એના જીવનના શબ્દકોષમાંથી ક્યારના રવાના થઈ ગયાં છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, આ બધી દોટ કોના માટે ?

ત્યારે જવાબ છે કે, સુખ, સમૃદ્ધિ, અખૂટ સંપત્તિ માટે!

પણ શું આટલી દોડાદોડ કર્યા પછી આ બધું મળે છે ખરું ?

કદાચ યંત્ર યુગમાં સમૃદ્ધિ અને સંપત્તિ મળી જાય છે પણ જીવન યંત્રવત્ બની જાય છે અને સુખ-શાંતિના હવાતિયા મારવા છતાં સુખ-શાંતિ તો વહેંત છેટા રહી જાય છે. દરેક વ્યકિત કોઈને કોઈ દુઃખથી ઘેરાયેલી છે. આ બધાં દુઃખોથી મુક્ત થવું હોય તો સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માનો ધર્મ અને ધર્મની યથાર્થ સમજણ જ સહાયક થાય છે.

પરિસ્થિતિને જાણીને સમજીને વિચક્ષણ દીર્ઘદ્રષ્ટા વડીલોની આગેવાની લઈને 30.07.1961 ના ગ્રેટર બોમ્બે સ્થાનકવાસી જૈન મહાસંઘની આગેવાની હેઠળ માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી.

જૈનધર્મના 32 આગમમાંથી પ્રેરણા લઈ આગમ સાગરમાંથી મંથન કરીને સરળ ભાષામાં તેનો બોધ થઈ શકે તે માટે, સમસ્ત વિશ્વના સ્થાનકવાસી જૈનોના જૈનધર્મ આધારિત જ્ઞાનનો વિકાસ થાય તે માટે ધાર્મિક શિક્ષણ બોર્ડે પ્રારંભમાં શ્રેણી એકથી સાતના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. આ પાઠયક્રમ તૈયાર કરવામાં પૂજ્ય શ્રી સંત-સતીજીઓનો અવિસ્મરણીય સાથ સહકાર મળ્યો.

પછી ક્રમશઃ સંઘના વિદ્વાનોએ course નો વિકાસ કર્યો, જેને કારણે આજે એકથી પચ્ચીસ શ્રેણીનો course તૈયાર થઈ ગયો છે અને જ્યારે જ્યારે જરૂર લાગી, ત્યારે નવી આવૃત્તિમાં ફેરફાર પણ કર્યા છે. વર્તમાને ફરીથી આ book ફેરફાર સાથે નવા સ્વરૂપમાં આપણે પ્રકાશિત કરીએ છીએ. આની પાછળનો હેતુ આબાલવૃદ્ધ બધાં આમાં જોડાઈ શકે અને વધુમાં વધુ લોકો પરમાત્માના ધર્મની સન્મુખ થાય, એ જ છે.

સમય અનુસાર ક્રમિક વિકાસ કરતાં કરતાં આજે માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સંસ્કાર સિંચન સાથે સંસ્કાર સંપન્ન ભાવિ પેઢીના નિર્માણ માટે કાર્યશીલ છે.

Course તૈયાર કરવામાં અનેક ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણી ભગવંતોનું માર્ગદર્શન મળ્યું છે અને એ માર્ગદર્શન અનુસાર અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. એ દરેકનું અમે અભિવાદન કરીએ છીએ.

આ Courseને કારણે આજ સુધીમાં લાખો લોકો પરીક્ષાના માધ્યમથી જૈનત્વના સંસ્કારને પામ્યા અને ભવિષ્યમાં પણ વધુમાં વધુ લોકો આ અભ્યાસક્રમમાં જોડાઈને, સુસંસ્કારને પામીને પોતાના ભાવિને ઉજ્જવળ બનાવે એ જ અભ્યર્થના.

## ધાર્મિક શિક્ષણ બોર્ડની પ્રવૃત્તિઓ

1. જૈનશાળા અને મહિલા મંડળની ધાર્મિક પરીક્ષાઓનું આયોજન.
2. પરીક્ષા માટે જરૂરી પુસ્તકોનું પ્રકાશન.
3. શિક્ષકોના અને વિદ્યાર્થીઓના સંમેલનો યોજી, તેમને અભ્યાસક્રમની સમજણ આપવી.
4. શ્રેણીની પરીક્ષાઓનાં ઈનામી મેળાવડાનું આયોજન કરવું.
5. જ્ઞાનદાતા શિક્ષકોનું અભિવાદન.
6. બાલ પાઠાવલી એવં એકથી પચ્ચીસ શ્રેણી સુધીનો વિસ્તૃત અભ્યાસક્રમ ઉપલબ્ધ અને નવી શ્રેણીનો વિકાસ.
7. જૈન ધર્મનું ઊંડું જ્ઞાન ધરાવતા અનુભવી અને કુશળ જ્ઞાનદાતા દ્વારા ધાર્મિક અને શ્રેણી પરીક્ષા નો અભ્યાસ કરાવવામાં આવે છે.
8. Technologyના માધ્યમથી online, મૌખિક અને લિખિત પરીક્ષા દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવે છે.
9. વૈશ્વિક (global) પરીક્ષાનું આયોજન, online certificate અને ઇનામ વિતરણ.
10. ધાર્મિક ટેલેન્ટ શો , ઍક્ઝિબિશન વગેરેનું આયોજન પણ થાય છે.

આ પુસ્તકમાં છદ્મસ્થાવસ્થાને કારણે
જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

## અનુક્રમણિકા

પેજ નંબર


**1. સૂત્ર વિભાગ - 40 marks**

1. શ્રેણી 1, 2 અને 3ના સંપૂર્ણ સૂત્ર વિભાગનું પુનરાવર્તન
2. કંઠસ્થ – સૂત્ર પાઠ - પ્રતિક્રમણમાં સંથારા થી 5 શ્રમણ સૂત્ર સુધી, અર્થ - પ્રતિક્રમણનાં 4, 5 પાઠ અને 99 અતિચાર
3. પ્રતિક્રમણ પ્રથમ વ્રતથી આઠ વ્રત સુધીની સમજણ ........ 01

**2. સામાન્ય સમજણ વિભાગ - 20 marks**

1. જીવની મોક્ષ સુધીની વિકાસ યાત્રા ........ 18
2. 14 રાજલોક ........ 26

**3. તત્ત્વ તથા સંસ્કાર વિભાગ - 15 marks**

1. 35 બોલ નામ અને સંક્ષિપ્ત વિવરણ સહિત ........ 35
2. 6 કાયના બોલ ........ 45

**4. ધર્મ અને વિજ્ઞાન - 5 marks** ........ 56

**5. કથા વિભાગ - 10 marks**

1. ત્રિપૃષ્ઠ વાસુદેવ ........ 59
2. ગજસુકુમાલ ........ 63
3. સતી ચંદનબાળા ........ 66

**6. કાવ્ય વિભાગ - 10 marks**

1. રત્નાકર પચીસી સંપૂર્ણ ........ 70
2. સાધુ વંદના 1-15 કડી ........ 73
3. ત્રણ મનોરથ ........ 75

# શ્રાવકના બાર વ્રત

શ્રાવકના વ્રતને અણુવ્રત કહે છે અને સાધુના વ્રતને મહાવ્રત કહે છે.

**અણુવ્રતઃ**

મહાવ્રતની અપેક્ષાએ જે વ્રત નાના અર્થાત્ સ્થૂલ છે, જે વ્રત ઘણા આગાર-છૂટ સાથે ગ્રહણ થાય છે, જે વ્રત વ્યક્તિની ઇચ્છા અને અનુકૂળતા પ્રમાણે મર્યાદિત સમય માટે અથવા જીવનપર્યંત ગ્રહણ થાય છે, તે અણુવ્રત છે. તેમ જ અણુવ્રતનો સ્વીકાર નવ કોટિએ થતો નથી. વ્રત ગ્રહણ કરનાર પોતાની પરિસ્થિતિ અનુસાર એક, ત્રણ કે છ કોટિએ વ્રતનો સ્વીકાર કરી શકે છે. આ રીતે અણુવ્રતમાં અનેક પ્રકારે બાંધ-છોડ હોય છે, તેથી જ તેને અણુવ્રત કહે છે.

પ્રતિક્રમણ સૂત્રમાં શ્રાવકના બારે વ્રત અણુવ્રતરૂપ જ છે. તેમ છતાં શ્રાવકના બાર વ્રતમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, આ પ્રકારે વિભાજન કરેલું છે.

## પહેલું સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતઃ

**પ્રાણાતિપાત = પ્રાણ + અતિપાત**

જીવોમાં રહેલા દસ પ્રકારના દ્રવ્ય પ્રાણમાંથી કોઇ પણ પ્રાણનો અતિપાત એટલે નાશ કરવો, તેને પ્રાણાતિપાત કહે છે.

જીવ કે આત્મા અજર અમર છે, તેનો નાશ થતો નથી.

તેથી શાસ્ત્રોમાં હિંસા માટે જીવાતિપાત જેવા શબ્દનો પ્રયોગ થયો નથી પરંતુ દ્રવ્ય પ્રાણનો નાશ થઇ શકે છે, તેથી પ્રાણાતિપાત શબ્દ પ્રયોગ હિંસાના અર્થમાં થાય છે.

પ્રાણાતિપાત - જીવ હિંસાથી,

વિરમણ - વિરામ પામવું, અટકવું. તેને પ્રાણાતિપાત વિરમણ વ્રત કહે છે.

શ્રાવકો ગૃહસ્થ હોવાથી સંપૂર્ણ રીતે હિંસાનો ત્યાગ કરી શકતા નથી, તેથી તેઓ પોતાની વર્તમાન પરિસ્થિતિને સમજીને કેટલાક આગાર સાથે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતનો સ્વીકાર કરે છે.

### સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતનો વિષય:

શ્રાવકો સ્થાવર જીવોની હિંસાની મર્યાદા કરે છે તથા નિરપરાધી અને નિર્દોષ ત્રસ જીવોની સંકલ્પપૂર્વક, જાણી જોઈને થતી હિંસાનો ત્યાગ કરે છે.

તેમ જ સૂક્ષ્મ જીવોની હિંસાનો ત્યાગ કરે છે. સૂક્ષ્મ જીવો આપણા કોઈ પણ શસ્ત્રોથી મરતા નથી. તેમ છતાં તે જીવોની હિંસાની રાવીથી (આશ્રવથી) બચવા માટે, આપણા અનુકંપાના ભાવોને દ્રઢ કરવા માટે સૂક્ષ્મ જીવોને મારવાના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

### આગાર:

શ્રાવક ત્રસ જીવોમાં પણ પોતાના અથવા સ્વજનોના શરીરને પીડાદાયક જીવોની તથા અપરાધી જીવોની હિંસાની છૂટ રાખે છે, જેમ કે, શ્રાવકોને માટે પેટમાં કૃમિ આદિ થયા હોય, તો તે શરીરને પીડાદાયક જીવો છે અને કોઇએ ચોરી આદિ દુષ્કૃત્ય કર્યું હોય, તો તેને સજા કે દંડ આપવાની છૂટ હોય છે. તેમ જ શ્રાવકોને કોઈ પણ ત્રસ જીવોને જાણી જોઇને મારવાના પચ્ચક્ખાણ હોય છે. અજાણતા હિંસા થાય, તો તેનાથી શ્રાવકના વ્રતનો ભંગ થતો નથી.

### પચ્ચક્ખાણની કરણ અને કોટિ:

કોઇ પણ પાપ પ્રવૃત્તિ ત્રણ પ્રકારે થાય છે.

1. સ્વયં કરવું, 2. બીજા પાસે કરાવવું 3. અન્યની પાપ પ્રવૃત્તિમાં ખુશ થવું અર્થાત્ તેની અનુમોદના કરવી.

ત્રણે પ્રકારની પાપ પ્રવૃત્તિ મન, વચન અને કાયા, તે ત્રણ સાધનોથી થાય છે.

મનથી કરવું, કરાવવું અને અનુમોદવું.

વચનથી કરવું, કરાવવું અને અનુમોદવું.

કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું.

આ રીતે ત્રણ કરણ X ત્રણ યોગ = નવ કોટિ થાય છે. આ નવ કોટિમાંથી શ્રાવકનું પ્રથમ વ્રત છ કોટિથી ગ્રહણ કરવાનું હોય છે. હું સ્વયં મન, વચન, કાયાથી પ્રાણાતિપાત કરીશ નહીં અને કરાવીશ નહીં. આ છ કોટિથી જીવ હિંસાના પચ્ચક્ખાણ હોય છે. અનુમોદનાના પચ્ચક્ખાણ હોતા નથી કારણ કે, તે

ગૃહસ્થજીવનના કે પુત્ર-પરિવારના વ્યવહારોથી જોડાયેલા હોય છે. તેને કેટલીય હિંસક પ્રવૃત્તિની અનુમોદના સહેજે થતી હોય છે, તેથી તે અનુમોદનાનો ત્યાગ કરી શકતા નથી.


## અતિચારઃ

જીવોને વિવિધ પ્રકારે ત્રાસ કે પીડા પહોંચાડવી, તે પ્રવૃત્તિ પ્રથમ વ્રતના અતિચાર રૂપ છે. તેમાં જીવો મરતા નથી પરંતુ પીડિત થાય છે, જેમ કે, કારણ વિના દ્વેષબુદ્ધિથી કોઇ પણ જીવોને બંધનમાં રાખવા, તેને માર મારવો, તેના અંગોપાંગ છેદવા, તેની ક્ષમતાથી વધુ કામ કરાવવું, તેના પર જુલમ ગુજારવો કે ખાવા-પીવામાં અંતરાય રૂપ બનવું.



આવી કોઇ પણ પ્રવૃત્તિઓ કરવી, તે શ્રાવકોને માટે ત્યાગ કરવા યોગ્ય છે.

અતિચારોના સ્વરૂપને યથાર્થ રૂપે જાણીને તેનું આચરણ ન કરવું, તે જ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતની સમ્યગ્ આરાધના છે.





**અપેક્ષિત પ્રશ્નોઃ**

**Q-1. પ્રાણાતિપાત એટલે શું ?**
**Q-2. શ્રાવકોને પ્રથમ વ્રતમાં શેની છૂટ હોય છે ?**
**Q-3. શ્રાવકોને અનુમોદનાનો ત્યાગ કેમ હોતો નથી ?**
**Q-4. અણુવ્રત અને મહાવ્રતમાં શું તફાવત હોય છે ?**
**Q-5. કોટિ કોને કહેવાય ? કોટિ કેટલી છે ?**

## બીજું મૃષાવાદ વિરમણ વ્રતઃ

**મૃષાવાદ - અસત્ય બોલવું**

શાસ્ત્રોમાં સત્ય-અસત્યની વિસ્તૃત વ્યાખ્યા કરેલી છે.

• જગતના પદાર્થોનું યથાર્થ દર્શન ન કરાવે, તે અસત્ય ભાષા છે.

• જીવમાત્ર ને હિતકારી ન હોય, તેવી કર્કશ, કઠોર, હિંસક, માર્મિક કે પાપકારી ભાષા સત્ય હોવા છતાં તેની ગણના અસત્યમાં થાય છે.

શ્રાવકો પૂર્ણતઃ અસત્ય ભાષણનો ત્યાગ કરી શકતા નથી, તેથી તેઓ સ્થૂલ અસત્ય ભાષણનો ત્યાગ કરે છે.

## સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રતનો વિષયઃ

સ્થૂલ મૃષા અર્થાત્ મોટું જૂઠ.

• અકારણ કોઇને દંડિત થવું પડે.
• લોકમાં નિંદા થાય, કુળ- જાતિ કલંકિત થાય.
• રાજ્ય તરફથી તેને અપરાધ ગણીને સજા આપવામાં આવે.
• કોઈનું વ્યાવહારિક અથવા આર્થિક નુકસાન થાય,

આ પ્રકારના અસત્ય વચનના ઉચ્ચારણને સ્થૂલ અસત્ય કહે છે.

### શ્રાવકો માટે પાંચ પ્રકારના સ્થૂલ અસત્ય કહ્યા છે.

1. વર-કન્યા સંબંધી 2. પશુ-પક્ષી સંબંધી, 3. ભૂમિ-સંપત્તિ સંબંધી 4. થાપણ (ગિરવે) સંબંધી 5. ખોટી સાક્ષી આપવી, જેનાથી નિર્દોષ વ્યક્તિને દંડ મળે. આ પાંચ પ્રકારના સ્થૂલ મૃષાવાદનો શ્રાવક ત્યાગ કરે છે.

## આગારઃ

તે સિવાયના સૂક્ષ્મ મૃષાવાદનો ત્યાગ શ્રાવકો કરી શકતા નથી. કયારેક ભૂલથી, આદતથી, હાસ્યથી કે ભયથી, પ્રાણરક્ષા કે સંપત્તિરક્ષા, પરિવારજનોની સુરક્ષા આદિ અનિવાર્ય પરિસ્થિતિમાં અસત્ય ભાષણ થઇ જાય, તે સૂક્ષ્મ મૃષાવાદ છે. શ્રાવકો સૂક્ષ્મ મૃષાવાદનો આગાર રાખે છે.

## કરણ અને કોટિ :

શ્રાવકો બીજું વ્રત પણ પૂર્વવત્ છ કોટિથી ગ્રહણ કરે છે.

## અતિચાર:

બીજા વ્રતના પાંચ અતિચારમાં પ્રથમ ત્રણ અતિચારમાં કદાચ અસત્ય ભાષણ ન પણ હોય, તેમ છતાં તેવી ભાષા અન્યને માટે પીડાકારક છે, તેથી તેનો સમાવેશ અસત્યમાં કરીને તેનું અતિચાર રૂપે કથન કર્યું છે.

- કોઈને ધ્રાસકો પડે તે રીતનો વ્યવહાર કરવો.
- બીજાની રહસ્યમય વાતો પ્રગટ કરવી.
- પોતાની સ્ત્રીના (પોતાના પુરુષ) મર્મ ઉઘાડા કરવા.
- ખોટી સલાહ કે ઉપદેશ આપવો.
- ખોટાં લેખ, દસ્તાવેજ વગેરે લખવા




આ પાંચે અતિચારોનું સ્વરૂપ યથાર્થ રૂપે જાણીને શ્રાવકો હિતકારી, પ્રિયકારી, જરૂર હોય તેટલી મર્યાદિત ભાષાનો પ્રયોગ કરે છે.






## અપેક્ષિત પ્રશ્નો :

**Q-1. શ્રાવકોના બીજા વ્રતનો વિષય શું છે ?**
**Q-2. કોઇની ગુપ્ત વાતોને કેમ પ્રગટ ન કરવી જોઇએ ?**
**Q-3. શ્રાવકોએ કેવી ભાષા બોલવી જોઇએ ?**
**Q-4. મૃષાવાદ એટલે શું ?**
**Q-5. બીજા વ્રતમાં શ્રાવક શેની છૂટ રાખે છે ?**

## ત્રીજું સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત:

**અદત્તાદાન – અદત્ત - કોઇએ ન આપેલી વસ્તુ , આદાન- ગ્રહણ કરવી.**

બીજાની માલિકીની વસ્તુ તેના આપ્યા વિના અથવા પૂછ્યા વિના ગ્રહણ કરવી, તે અદત્તાદાન અથવા ચોરી છે.

શ્રાવકો પૂર્ણતઃ અદત્તાદાનનો ત્યાગ કરી શકતા નથી, તેથી તેઓ કેટલાક આગાર-છૂટ સાથે સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ કરે છે.

## સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતનો વિષયઃ

1. ખાતર પાડવું અર્થાત્ અચાનક કોઇના ઘરમાં ઘુસીને તેનો માલ સામાન લઇ લેવો.
2. ગાંઠડી છોડવી, મૂલ્યવાન વસ્તુઓ પેટી આદિમાં બંધ કરીને રાખી હોય, તેને ખોલી વસ્તુઓ લઇ લેવી, ખીસા કાપવા.
3. કોઇનું તાળું, બીજી ચાવીથી ખોલીને વસ્તુઓ લેવી.
4. રસ્તામાં પડેલી વસ્તુના માલિક ચોક્કસ ખબર હોય, છતાં તે વસ્તુ લેવી.

આ પ્રકારની પ્રવૃત્તિઓ જે સમાજમાં ચોરી રૂપે પ્રસિદ્ધ છે, તેવી ચોરી કરવાનો શ્રાવકો ત્યાગ કરે છે.

## આગારઃ

શ્રાવકો તેમાં કેટલીક છૂટ રાખે છે. જેમ કે, ચોરીના ભાવ વિના પોતાના સ્વજનો તથા જેની સાથે લેવડ- દેવડનો વ્યવહાર થતો હોય, તેવી વ્યક્તિઓની વસ્તુઓ પૂછયા વિના લેવી પડે અથવા વ્યાપારમાં કોઇ મામૂલી વસ્તુઓ- જે વસ્તુ લેવાથી ચોરી કરી છે તેવું ન લાગે, જેમ કે પેન-પેન્સીલ જેવી સામાન્ય વસ્તુઓ લેવી, તેની શ્રાવકો છૂટ રાખે છે.

## કરણ અને કોટિઃ

શ્રાવક ત્રીજું વ્રત પણ છ કોટિથી ગ્રહણ કરે છે.

## અતિચારઃ

આ વ્રતના પાંચ અતિચાર છે.

- સ્વયં ચોરી કરવી.
- ચોરબજારનો માલ વાપરવો. ચોરને કોઇ પણ રીતે support આપવો.
- રાજ્ય વિરુદ્ધ પ્રવૃત્તિઓ - કોઇ પણ કાયદાનું ઉલ્લંઘન કરવું.
- વ્યાપારમાં ખોટાં તોલા-માપ રાખવા.

• વસ્તુમાં ભેળસેળ કરવી, sample જુદું અને માલ જુદો આપવો.

વગેરે બધી પ્રવૃત્તિઓ ચોરી છે.

તેથી શ્રાવકોએ અદત્તાદાન વિરમણ વ્રતનો ઊંડાણપૂર્વક વિચાર કરીને , અતિચારોનું આચરણ ન કરીને, સ્વીકારેલાં વ્રત માટે વફાદાર રહેવું જોઇએ.



**અપેક્ષિત પ્રશ્નો :**

**Q-1. અદત્તાદાન એટલે શું ?**

**Q-2. શ્રાવક અદત્તાદાન વિરમણ વ્રતમાં શેના પચ્ચક્ખાણ કરે છે ?**

**Q-3. શ્રાવક આ વ્રતમાં શું છૂટ રાખે છે ?**

**Q-4. ચોરબજારની વસ્તુ વાપરવામાં કયો અતિચાર લાગે છે ?**

**Q-5. વ્રત પ્રતિ વફાદારી શું હોય ?**

## ચોથું સ્થૂલ મૈથુન વિરમણ વ્રત:

**મૈથુન - સ્ત્રી પુરુષનો સંબંધ - અબ્રહ્મચર્યનું સેવન કરવું,**

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ સ્વરૂપી આત્મભાવમાં વિચરણ કરવું. પાંચે ઇન્દ્રિયોના વિષયભોગમાં તલ્લીન થવું, તે અબ્રહ્મચર્ય છે.

## સ્થૂલ મૈથુન વિરમણ વ્રતનો વિષય:

શ્રાવકો સંપૂર્ણ બ્રહ્મચર્યના પાલનનું લક્ષ્ય રાખીને વર્તમાને ગૃહસ્થ જીવનની મર્યાદારૂપ સ્વદાર (સ્વની પત્ની) અને શ્રાવિકાઓ સ્વભરથાર (સ્વનો પતિ) સંતોષ વ્રતનો સ્વીકાર કરે છે અર્થાત્ શ્રાવકો પરસ્ત્રી સાથેના અને શ્રાવિકાઓ પરપુરુષ સાથેનાં સંબંધનો કાયાની કોટિએ સર્વથા ત્યાગ કરે છે.

મૈથુન સેવન દેવ, મનુષ્ય અને તિર્યંચ આ ત્રણે ગતિમાં હોય છે. તેથી શ્રાવક તે ત્રણે ગતિ સંબંધી મૈથુનનો ત્યાગ કરે છે.

## કરણ અને કોટિ:

દેવતા સંબંધી બે કરણ x ત્રણ યોગ = છ કોટિથી અને મનુષ્ય-તિર્યંચ સંબંધી એક કરણ (કરવું નહીં) x એક યોગ (કાયાથી) = એક કોટિથી પચ્ચક્ખાણ કરે છે.

આ વ્રતનો સ્વીકાર કરનાર શ્રાવક સ્વયં કાયાની કોટિથી મૈથુન સેવનનો ત્યાગ કરે છે, તે ગૃહસ્થ જીવનના કર્તવ્યો અનુસાર દીકરા-દીકરીના લગ્ન કરાવે છે, તેથી શ્રાવક મૈથુન સેવન કરાવવું કે અનુમોદન આપવું, મનથી કે વચનથી, તેનો ત્યાગ કરી શકતા નથી.

## અતિચાર:

શ્રાવકોએ સંયમ ભાવે ગૃહસ્થ જીવનનો વ્યવહાર કરવો જોઇએ, પરંતુ તથા પ્રકારના કર્મોદયે...

- વિષયભોગમાં આસક્ત બનીને પોતાની નાની ઊંમરની (teenage) સ્ત્રી સાથે મૈથુન સેવન કર્યું હોય.
- અપરિણિત સ્ત્રી સાથે મૈથુન સેવન કર્યું હોય.
- સ્વાભાવિક અંગ સિવાય અનેરા અંગે કામ ક્રીડા કરી હોય.
- પોતાના પુત્ર-પરિવાર સિવાય અન્યના લગ્ન કરાવ્યા હોય.
- કામભોગની તીવ્ર અભિલાષા રાખી હોય.



વગેરે પ્રવૃત્તિઓ તેના અસંયમભાવને પ્રગટ કરે છે.

શ્રાવકોએ આ અતિચારોનું ચિંતન કરીને તેનાથી સર્વથા દૂર રહી બ્રહ્મચર્ય પાલનનું લક્ષ્ય રાખવું જોઇએ.





**અપેક્ષિત પ્રશ્નો :**

**Q-1. શ્રાવક ચોથા વ્રતમાં શેના પચ્ચક્ખાણ કરે છે ?**

**Q-2. બ્રહ્મચર્ય એટલે શું ?**

**Q-3. શ્રાવક ચોથા વ્રતમાં એક કોટિએ પચ્ચક્ખાણ શા માટે કરે છે ?**

**Q-4. બીજાના લગ્ન કરાવવામાં શું દોષ લાગે ?**

**Q-5. મૈથુન સેવનની પ્રવૃત્તિ કઇ કઇ ગતિમાં હોય છે**

## પાંચમું સ્થૂલ પરિગ્રહ વિરમણવ્રતઃ

**પરિગ્રહઃ-**

1. મમત્ત્વભાવથી વસ્તુ ભેગી કરવી, તે પરિગ્રહ છે.
2. જે જીવને ચારે બાજુથી જકડી રાખે , તે પરિગ્રહ છે.
3. મૂર્ચ્છા કે આસક્તિભાવ , તે પરિગ્રહ છે.

**પરિગ્રહના બે પ્રકાર છે -**

**બાહ્ય પરિગ્રહ અને આભ્યંતર પરિગ્રહ.**

બાહ્ય પરિગ્રહઃ તેના નવ પ્રકાર છે.

1. ખેતર, વાડી આદિ ખુલ્લી જમીન 2. મકાન, દુકાન, godown આદિ 3. ચાંદી 4. સોનું 5. ધન-સંપત્તિ 6. ધાન્ય 7. દાસ-દાસી, નોકર-ચાકર 8. પશુ-પક્ષી 9. ઘરવખરીની તમામ વસ્તુઓ.

આભ્યંતર પરિગ્રહઃ તેના ચૌદ પ્રકાર છે.

1. ક્રોધ 2. માન 3. માયા 4. લોભ 5. હાસ્ય 6. રતિ 7. અરતિ 8. ભય 9. શોક 10. જુગુપ્સા 11. સ્ત્રીવેદ 12. પુરુષવેદ 13. નપુંસકવેદ 14. મિથ્યાત્ત્વ. મોહનીય કર્મની ઉપરોકત પ્રકૃતિ ચાર કષાય, નવ નોકષાય અને મિથ્યાત્ત્વ, આ ચૌદ આભ્યંતર પરિગ્રહ છે.

## સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રતનો વિષય:

ગૃહસ્થ જીવન વ્યવહારના કારણે શ્રાવક પરિગ્રહનો પૂર્ણ ત્યાગ કરી શકતા નથી. તે પોતાની આવશ્યકતા અનુસાર તેની મર્યાદા કરે છે. શ્રાવક નવ પ્રકારના બાહ્ય પરિગ્રહની મર્યાદા કરે છે.

## કરણ અને કોટિ :

શ્રાવક આ વ્રત એક કરણ x ત્રણ યોગથી અર્થાત્ ત્રણ કોટિથી ગ્રહણ કરે છે.

શ્રાવક સ્વયં પોતાના માટે જ પરિગ્રહની મર્યાદા કરે છે, તેને પરિવાર માટે કરાવવું કે અનુમોદના કરવી પડે છે, તેથી તેની છૂટ રાખે છે.






**અતિચાર:** આ વ્રતના પાંચ અતિચાર છે.

- ખેતર,ઘર આદિની મર્યાદાનું ઉલ્લંઘન કર્યુ હોય.
- સોનું,ચાંદી આદિની મર્યાદાનું ઉલ્લંઘન કર્યુ હોય.
- સંપત્તિ, અનાજ આદિની મર્યાદાનું ઉલ્લંઘન કર્યુ હોય.
- નોકર, પશુ-પક્ષી આદિની મર્યાદાનું ઉલ્લંઘન કર્યુ હોય.
- ઘર વખરીની વસ્તુની મર્યાદાનું ઉલ્લંઘન કર્યુ હોય.

નવ પ્રકારના બાહ્ય પરિગ્રહની મર્યાદાનું ઉલ્લંઘન થાય, તો તેના માટે અતિચાર બની જાય છે.

શ્રાવકોએ મમત્ત્વભાવને છોડવાના લક્ષે પરિગ્રહની મર્યાદા નક્કી કરવી અને તેનું યથાર્થ રૂપે પાલન કરવું જોઇએ.





## અપેક્ષિત પ્રશ્નો :

**Q-1. પરિગ્રહ એટલે શું ?**

**Q-2. આભ્યંતર પરિગ્રહમાં કયા કર્મની પ્રકૃતિઓ છે ?**

**Q-3. પાંચમું વ્રત ત્રણ કોટિથી શા માટે ગ્રહણ થાય છે ?**

**Q-4. Mobile કે laptopનો સમાવેશ કયા પરિગ્રહમાં થાય ?**

**Q-5. પરિગ્રહની મર્યાદાનું લક્ષ્ય શું હોવું જોઇએ ?**

### ગુણવ્રત

પાંચ અણુવ્રતના ગુણમાં વધારો કરે અથવા સમસ્ત જીવોની રક્ષાના ભાવ પ્રગટાવવા રૂપ ગુણવૃદ્ધિ કરે, તેને ગુણવ્રત કહે છે. એક દ્રષ્ટિકોણથી પ્રથમ પાંચ વ્રતમાં જ દરેક પાપનો સમાવેશ થઇ જાય છે, તેમ છતાં શાસ્ત્રકારોએ અહિંસા આદિ વ્રતોની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રતનું કથન કર્યું છે.

છઠ્ઠું દિશા પરિમાણ, સાતમું ઉવભોગ-પરિભોગ પરિમાણ અને આઠમું અનર્થદંડ વિરમણવ્રત, આ ત્રણ ગુણવ્રત છે.

### છઠ્ઠું દિશા પરિમાણ વિરમણ વ્રતઃ

પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊર્ધ્વ અને અધોદિશા, આ છ દિશાઓમાં જવાની મર્યાદા નક્કી કરવી. દિશાઓની મર્યાદા કરવાથી તેની બહાર થતી દરેક પાપ પ્રવૃત્તિથી જીવ બચી જાય છે, તેનાથી થતો કર્મબંધ અટકી જાય છે. તેમ જ મર્યાદા નક્કી કરવાથી તેની બહારના ક્ષેત્રમાં જવાની ઇચ્છા પણ છૂટી જાય છે, તેથી વૃત્તિસંક્ષેપ તપનો પણ લાભ થાય છે.



### દિશા પરિમાણ વિરમણ વ્રતનો વિષયઃ-

છએ દિશાની મર્યાદા, (કિ.મી.) નક્કી કરવી.

**કરણ અને કોટિ -** આ વ્રત બે કરણ x ત્રણ યોગ = છ કોટિથી ગ્રહણ થાય છે.

### અતિચારઃ-






તેના પાંચ અતિચાર છે.

- ઊંચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું.
- નીચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું.
- ચારે દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું.
- પૂર્વદિશામાં મર્યાદાથી બહારના ક્ષેત્રમાં જવાનું થાય, તો પશ્ચિમદિશાની મર્યાદા ઘટાડીને જઇ આવવું.
- સંદેહ હોવા છતાં મર્યાદાનું ઉલ્લંઘન કરવું.

તે શ્રાવકોને માટે અતિચાર રૂપ છે.

શ્રાવકોએ વ્રતના મહત્ત્વને સમજીને, સ્વીકારીને ગ્રહણ કરેલા વ્રતનું યથાર્થ રીતે પાલન કરવું જોઇએ.

**અપેક્ષિત પ્રશ્નો :**

**Q-1. દિશા પરિમાણવ્રત એટલે શું ?**

**Q-2. દિશાની મર્યાદા કરવાથી શું લાભ થાય ?**

**Q-3. છટ્ઠા વ્રતના પાલનથી વૃત્તિસંક્ષેપ તપ કેવી રીતે થાય ?**

**Q-4. દિશાની મર્યાદા ભૂલી જવી તે કયો અતિચાર છે ?**

**Q-5. ગુણવ્રત કોને કહેવાય ?**

## સાતમું ઉવભોગ-પરિભોગ પરિમાણ વિરમણ વ્રતઃ

જીવન વપરાશની પ્રત્યેક વસ્તુની મર્યાદા નક્કી કરવી, તે ઉવભોગ-પરિભોગ પરિમાણ વિરમણ વ્રત છે.

**ઉવભોગ** - જેનો ભોગવટો એક જ વાર થાય, તેવા ભોજન-પાણી આદિ વસ્તુઓને ઉવભોગ કહે છે.

**પરિભોગ** - જેનો ભોગવટો વારંવાર થાય, તેવા વસ્ત્ર, અલંકાર વગેરે વસ્તુઓને પરિભોગ કહે છે.

## ઉવભોગ-પરિભોગ પરિમાણ વિરમણ વ્રતનો વિષયઃ

આ વ્રતમાં 26 બોલની મર્યાદાનું કથન છે, તેમાં પ્રથમ દસ બોલ સ્નાનવિધિ, વસ્ત્ર, અલંકાર આદિ શરીર સંબંધી છે. ત્યાર પછી અગિયાર બોલ ભોજન-પાણી સંબંધી છે. અંતિમ પાંચ બોલ વાહન, પગરખાં, શય્યા, સચેત પદાર્થો અને દ્રવ્યની મર્યાદા સંબંધી છે.

## કરણ અને કોટિઃ

આ વ્રત પણ પરિગ્રહની મર્યાદાની જેમ પોતાના માટે જ કરાય છે, તેથી એક કરણ x ત્રણ યોગ =3 કોટિથી ગ્રહણ થાય છે.

## અતિચારઃ

આ વ્રતમાં ભોજન સંબંધી પાંચ અને કર્માદાન - (મહારંભજન્ય વિવિધ

વ્યાપારો જેમાં અનંત જીવોની હિંસા થાય) સંબંધી પંદર અતિચારોનું કથન છે.

ભોજન સંબંધી પાંચ અતિચારઃ- શ્રાવક હંમેશાં સંયમ ભાવે અલ્પહિંસક, સાત્વિક ભોજન કરે છે. દરેક વસ્તુના વપરાશ પહેલાં જ તેમાં થતી હિંસાને વિચારીને વાપરે છે. શ્રાવક જો તથા પ્રકારની મર્યાદાને ભૂલી જાય, તો અતિચારોનું સેવન થાય છે. તેથી તેણે સતત સજાગ રહેવું જોઇએ.

• શ્રાવક પ્રાયઃ સચેત વસ્તુનો ત્યાગી હોય અથવા તેની મર્યાદા કરેલી હોય છે, તેથી તેનું ઉલ્લંઘન થયું હોય. જેમ કે, કાચી કાકડી.

• સચેત વસ્તુ સાથે લાગેલ અચેત વસ્તુ વાપરી હોય. જેમ કે, ઠળિયા સહિતનો ખજૂર


• કાચી-પાકી (સચેત+અચેત = મિશ્ર) વસ્તુ વાપરી હોય. જેમ કે, તરતના વઘારેલા સંભારા.


• દુષ્પક્વ - અહિંસાના ભાવ વિના રાંધેલી વસ્તુઓ વાપરી હોય. (આખેઆખુ શાક, ફળ વગેરે રાંધવા. જેમકે રીંગણાનો ઓળો.)




• તુચ્છ વસ્તુ - જેમાં ખાવા કરતા ફેંકવાનું અધિક હોય, તેવી વસ્તુઓ વાપરી હોય. જેમ કે, શેરડી, સીતાફળ, બોર વગેરે.

તો તે પ્રવૃત્તિ શ્રાવકને માટે અતિચાર રૂપ છે.







**કર્માદાનઃ**

શ્રાવકને પોતાના ગૃહસ્થ જીવનના વ્યવહાર માટે અલ્પહિંસક વ્યાપાર કરવા જોઇએ, તેમ છતાં તે મર્યાદાને ભૂલીને અનંત જીવોની હિંસા થાય તેવા વ્યાપારો કરે, તો તેના માટે અતિચાર રૂપ થાય છે. જેમ કે – અગ્નિનો, વનસ્પતિનો, પાણીનો મહારંભ.... સંક્ષેપમાં છકાય જીવોનો મહારંભ થતો હોય જેમ કે - ઇલેકટ્રીક મશીનો દ્વારા ચાલતી મોટી મોટી ફેકટરીઓ ચલાવવી. જંગલના વૃક્ષો કાપવા, કૂવા, તળાવ, સરોવર વગેરે ઉલેચાવવા, તેમાં પાણીના જીવો, તેને આશ્રિત રહેલા માછલાં આદિ

જલચર જીવોની હિંસા થાય છે, તેવા વ્યાપારો.


દુરાચારી મનુષ્યોનું પોતાના સ્વાર્થથી પોષણ કરવું.


વગેરે પ્રવત્તિઓ શ્રાવકોને માટે ત્યાજ્ય છે.

સંક્ષેપમાં શ્રાવકોએ કર્મસિદ્ધાંતનો સ્વીકાર કરીને અલ્પ પાપ થાય તેવી પ્રવૃત્તિઓ દ્વારા આજીવિકા ચલાવવી જોઇએ અને સંતોષ વૃત્તિ કેળવવી જોઇએ. ધન-સંપત્તિ માટે અનંત કર્મોનો બંધ ન થાય, અનંત જીવોની હિંસા ન થાય. તેના માટે તેણે જાગૃતિ પૂર્વક જીવન જીવવું જોઇએ.


















**અપેક્ષિત પ્રશ્નો :**

**Q-1. ઉવભોગ-પરિભોગ એટલે શું ?**

**Q-2. કર્માદાન કોને કહેવાય ?**

**Q-3. ભોજન સંબંધી અતિચાર કેટલા છે ?**

**Q-4. શ્રાવકોનું ભોજન કેવું હોવું જોઇએ ?**

**Q-5. શ્રાવકોના વ્યાપાર કેવા હોવા જોઇએ ?**

## આઠમું અનર્થદંડ વિરમણ વ્રતઃ

અનર્થદંડઃ- પ્રયોજન વિના થતી પાપ પ્રવૃત્તિને અનર્થદંડ કહે છે.

જેમ કે, બીજો રસ્તો હોવા છતાં ઘાસ પર ચાલવું.

શ્રાવકો કેટલીક પાપ પ્રવૃત્તિને જાણવા છતાં છોડી શકતા નથી જેમ કે, રસોઇ બનાવવામાં છકાય જીવોનો આરંભ થાય છે, તે જાણવા છતાં રસોઇ બનાવવી અનિવાર્ય છે, તેથી તે પ્રવૃત્તિને અર્થદંડ કહે છે. પરંતુ તે જ ભોજનમાં રાગ-દ્વેષ કરવા કે રસોઇ બનાવતી વખતે જતના ન રાખવી, તે પ્રવૃત્તિ અનર્થદંડ છે.

## અનર્થદંડ વિરમણ વ્રતનો વિષય

અનર્થદંડ ચાર પ્રકાર થાય છે -

**1. અપધ્યાન** - આર્તધ્યાન કે રૌદ્રધ્યાન કરવું,

**આર્તધ્યાનઃ** આર્ત=દુઃખ કે પીડામાં મનને એકાગ્ર કરવું, તે આર્તધ્યાન છે. જેમ કે - મનગમતી વસ્તુ કે વ્યક્તિ દૂર થાય, તો તેના માટે દુઃખી થવું, અણગમતી વસ્તુ કે વ્યક્તિનો સંયોગ થાય, તો તેનાથી છૂટવા માટે દુઃખી થવું. શારીરિક રોગથી દુઃખી થવું. ભૌતિક વસ્તુની પ્રાપ્તિની તીવ્ર ઝંખના કરવી, વગેરે પ્રવૃત્તિઓ આર્તધ્યાન છે.

**રૌદ્રધ્યાનઃ** અત્યંત કૂર ભાવે પાપપ્રવૃત્તિ કરવી, તેમાં એકાગ્ર બનવું, તે રૌદ્રધ્યાન છે. પોતાની ઇચ્છાપૂર્તિ કે સ્વાર્થપૂર્તિ માટે ગમે તે પાપ પ્રવૃત્તિઓ ખુશીથી કરવા. હિંસા, અસત્ય, ચોરી આદિ કોઇ પણ પાપ કરવા, તે રૌદ્રધ્યાન છે.

**2. પ્રમાદાચરણઃ** આત્મભાવને ભૂલીને ભૌતિક જગતમાં લીન-તલ્લીન બની જવું, તે પ્રમાદ છે અથવા ધાર્મિક કાર્યોમાં આળસ અને પાપકાર્યમાં ઉદ્યમ કરવો, તે

પ્રમાદ છે. તેના પાંચ પ્રકાર છે, મદ-અભિમાન, વિષય, (5 ઈંદ્રિયોના વિષયો) કષાય, નિંદા અને વિકથા, આ પાંચ પ્રકારના પ્રમાદનું આચરણ કરવું, તે પ્રમાદાચરણ છે.

**3. હિંસ્રપ્રદાન:** હિંસાકારી સાધનો, શસ્ત્રો બીજાને આપવા

શ્રાવક પોતાના ઉપયોગ માટે કે સુરક્ષા માટે તેનો ઉપયોગ કરે, તો તે અર્થદંડ છે. પરંતુ તે જ સાધનો બીજાને આપવા તે અનર્થદંડ છે.

**4. પાપકર્મોપદેશ:** પાપકર્મનો ઉપદેશ આપવો.

શ્રાવકોને આ ચારે પ્રકારના અનર્થદંડનો ત્યાગ હોય છે.

## કરણ અને કોટિ :

આ વ્રત બે કરણ x ત્રણ યોગ = છ કોટિથી ગ્રહણ થાય છે.

## અતિચાર:

આ વ્રતના પાંચ અતિચાર છે.


શ્રાવક પોતાના સંયમપૂર્વકના વ્યવહારની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, ત્યારે અનર્થદંડનું સેવન થઇ જાય છે. જેમ કે,

- બીજાની વાસના જાગૃત થાય તેવો ભાષા પ્રયોગ કરવો.
- આંખ, મુખ, હાથ આદિ થી કુચેષ્ટા કરવી.
- જેમ-તેમ નિરર્થક બોલવું, હાંસી-મજાક વગેરે કરવા.
- વિવિધ પ્રકારના હિંસાકારી સાધનો સ્વયં વસાવવા, જૂનાને repair કરાવવા.
- ભૌતિક વસ્તુઓમાં અતિ આસક્તિ રાખવી. ,



આ પ્રવૃત્તિઓ બીનજરૂરી હોવાથી શ્રાવકોને માટે આચરણ કરવા યોગ્ય નથી.







સંક્ષેપમાં શ્રાવકોએ પોતાના જીવનની અત્યંત જરૂરી પ્રવૃત્તિઓ સિવાયની બીનજરૂરી પ્રવૃત્તિઓ, તેનું ચિંતન કે ભાષણ ન કરવું જોઈએ. શ્રાવકો પાપભીરૂ હોય છે, તેથી તે અનર્થદંડથી બચવા સદા પ્રયત્ન કરે છે.

**અનર્થદંડથી દૂર રહેવા માટે શ્રાવકોએ નિમ્નોક્ત સાવધાની રાખવી જોઈએ :**

(1) અશુભ ચિંતનને વિવેકથી રોકી દેવું અને સમભાવ, શાંતિ, સંતોષના વિચારોથી આત્માને સંસ્કારિત અને જાગૃત રાખવો.

(2) સાંસારિક કર્તવ્યો, વ્યવહારો, વેપારની પ્રવૃત્તિઓ અને ઘરની પ્રવૃત્તિઓમાં પૂર્ણ વિવેકયુક્ત આચરણોનું લક્ષ્ય અને અભ્યાસ રાખવો. નિરર્થક અથવા અનાવશ્યક પ્રવૃત્તિઓથી તથા કેવળ મનરંજન અથવા લોકપ્રવાહને વશ થઈ કરવામાં આવતી પ્રવૃત્તિઓથી પણ વૈરાગ્ય અને વિવેકપૂર્વક દૂર રહેવાનો પ્રયત્ન કરવો.

(3) શસ્ત્ર સંગ્રહ-શસ્ત્ર વિતરણ, શસ્ત્ર પ્રયોગની પ્રેરણા કે દલાલી ન કરવી.

(4) પોતાની આવશ્યક લાગણી અથવા જવાબદારી જ્યાં હોય તે સિવાય કોઈના પણ સંસારી કામો, વ્યાપાર અથવા અન્ય વ્યવહારોમાં રસ લેવો.

(5) આરંભ, સમારંભથી બનેલાં વિશિષ્ટ દર્શનીય સ્થળોની અતિશય પ્રશંસા ન કરવી. કોઈ ચીજની પ્રશંસા કરવામાં ભાવ અને ભાષાનો વિવેક રાખવો.

(6) કર્મના સિદ્ધાંત પર દ્રઢતમ શ્રદ્ધા કેળવી, વર્તમાન પરિસ્થિતિનો સમભાવે સ્વીકાર કરવો.

**અપેક્ષિત પ્રશ્નો :**

**Q-1. અનર્થદંડ એટલે શું ?**

**Q-2. અનર્થદંડમાં કેટલા અને કયા ધ્યાનનો સમાવેશ થાય છે ?**

**Q-3. હાંસી મજાક કરવાથી કયો અતિચાર લાગે છે ?**

**Q-4. પ્રમાદના કેટલા પ્રકાર છે અને કયા કયા ?**

**Q-5. શ્રાવકમાં કયો ગુણ હોવો જરૂરી છે ?**

**જે જે રાત્રી અને દિવસ પસાર થઇ જાય છે, તે પાછાં ફરતાં નથી. અધર્મ કરનારના તે દિવસો નિષ્ફળ ચાલ્યા જાય છે.**

# જીવની વિકાસયાત્રા

સામાન્ય રીતે જીવોના બે પ્રકાર છે, સંસારી અને સિધ્ધ.

1. જે જીવ જન્મ-મરણના ચક્રમાં પરિભ્રમણ કરે છે,
2. જે જીવ કર્મ સહિત છે,
3. જે જીવ આધિ-વ્યાધિ, ઉપાધિના દુઃખ ભોગવે છે,
4. જે જીવની પરિસ્થિતિઓનું પરિવર્તન થયા કરે છે, તે સંસારી જીવ છે.

અને

1. જે જીવના જન્મ-મરણ થતા નથી,
2. જે જીવ કર્મથી મુક્ત છે,
3. જે જીવને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી, અનંત અનંત સુખ છે,
4. જે જીવ હંમેશાં એક જ અવસ્થામાં રહે છે, તે સિધ્ધ જીવ છે.

સંસારી જીવોને આપણે જોઇએ છીએ પરંતુ સિધ્ધ જીવોને જોયા નથી તેથી, પ્રશ્ન થાય કે આવી અનંત સુખમય સ્થિતિ કોને પ્રગટ થાય, ક્યારે પ્રગટ થાય અને કેવી રીતે પ્રગટ થાય છે ?

આ સર્વ પ્રશ્નોના સમાધાન માટે આપણે જોઈએ જીવની વિકાસયાત્રા. જીવની વિકાસયાત્રા સ્વયં જીવના પુરુષાર્થથી જ થાય છે. જીવ જેવો અને જેટલો પુરુષાર્થ કરે, તે પ્રકારે તેનો વિકાસ થાય છે.

આ જગતના અનંત જીવો એવા છે. જે જીવો તથા પ્રકારના સ્વભાવથી જ આત્મશુધ્ધિનો કોઈ પુરુષાર્થ કરી શકતા જ નથી. તે જીવોની યોગ્યતા ન હોવાથી તેનો વિકાસ થતો નથી. તે જીવો અનંત અનંત કાળ સુધી સંસારમાં જન્મ મરણના દુઃખો ભોગવ્યા કરે છે, તેનો અંત ક્યારે ય આવતો નથી મોક્ષમાં જવાની યોગ્યતા વિનાના આ પ્રકારના જીવોને **અભવી જીવ** કહેવાય છે.

પરંતુ અનંત-અનંત જીવો એવા પણ છે, જે જીવો તથા પ્રકારના સ્વભાવથી જ પુરુષાર્થ દ્વારા આત્મવિકાસ કરી શકે છે. તે જીવો અત્યંત નિમ્નસ્તરથી ઉપર ઊઠીને ક્રમશઃ આગળ વધતા મનુષ્યજન્મ પામીને સર્વ કર્મનો નાશ કરીને કર્મોથી મુક્ત સિદ્ધદશાને પામી શકે છે. તે જીવો પોતાના દુઃખોનો અંત કરી શકે છે.

મોક્ષમાં જવાની યોગ્યતાવાળા આ પ્રકારના જીવોને **ભવી જીવ** કહેવાય છે.

આ રીતે જીવોની મોક્ષમાં જવાની યોગ્યતા કે અયોગ્યતા અર્થાત ભવીપણુ કે અભવીપણુ જીવનો સ્વાભાવિક – પારિણામિક (natural) ભાવ છે, તેમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન ક્યારેય થતું નથી. ભવી જીવો ક્યારેય અભવી થતાં નથી અને અભવી જીવો ક્યારેય ભવી થતાં નથી.

જીવના જે ભાવો કર્મજન્ય હોય, તેમાં પુરુષાર્થથી પરિવર્તન થાય છે પરંતુ સહજ રીતે થતાં પારિણામિકભાવમાં પરિવર્તન થતું નથી. સંક્ષેપમાં ભવી જીવો જ પોતાનો વિકાસ કરી શકે છે.

ભવી જીવો પોતાની સંસારી અવસ્થાથી આગળ વધતાં અંતે સિદ્ધ દશાને પામે છે. ત્યારે તેમાં મુખ્ય દસ માઈલસ્ટોન આવે છે. **એક-એક માઈલસ્ટોન તેના ક્રમિક વિકાસને સમજાવે છે. તે આ પ્રમાણે છે.**


1. અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવવું.
2. કૃષ્ણપક્ષીમાંથી શુકલપક્ષી થવું.
3. મિથ્યાત્વીમાંથી સમકિતી થવું.
4. અપરિત્તસંસારીમાંથી પરિત્તસંસારી થવું.
5. દુર્લભબોધિમાંથી સુલભબોધિ થવું.
6. વિરાધકમાંથી આરાધક થવું.
7. અચરમશરીરમાંથી ચરમશરીરી થવું.
8. છદ્મસ્થદશા છોડી કેવળી થવું.
9. સયોગીમાંથી અયોગી થવું.
10. સંસાર છોડી સિદ્ધક્ષેત્રમાં સ્થિર થઈ જવું.

## 01 વ્યવહાર રાશિમાં પ્રવેશ

આ જગતના અનંતાઅનંત જીવોમાંથી કેટલાક જીવો એવા છે કે જે જીવો અનંતકાળથી નિગોદ - સાધારણ વનસ્પતિકાયમાં જન્મ-મરણ કર્યા કરે છે, જે જીવોએ અન્ય કોઈ પણ ગતિ કે જાતિમાં જન્મ-મરણ રૂપ વ્યવહાર કર્યો જ નથી તે જીવોને **અવ્યવહાર રાશિના જીવો** કહેવાય છે. તે જીવની અત્યંત અવિકસિતદશા છે.




વ્યવહાર રાશિમાં પ્રવેશ



અવ્યવહાર રાશિ

દરેક જીવે અવ્યવહાર રાશિમાં અનંત જન્મ-મરણ કરીને અનંતકાળ પસાર કર્યો છે.

જ્યારે મનુષ્યક્ષેત્રમાંથી એક જીવ સિદ્ધ થાય, ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળીને વ્યવહાર રાશિમાં પ્રવેશ કરે છે, અર્થાત તેની વિકાસયાત્રાનો પ્રારંભ થાય છે.

અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળેલો જીવ ત્યાર પછી ચાર ગતિમાં, એકેન્દ્રિયથી પંચેન્દ્રય સુધીની જાતિમાં જન્મ-મરણ રૂપ વ્યવહાર ચાલુ કરે છે. ચાર ગતિમાં પરિભ્રમણ કરતા જીવોને **વ્યવહાર રાશિના જીવો** કહેવાય છે.

## 02 શુકલપક્ષી

વ્યવહાર રાશિના જીવો 4 ગતિ, 24 દંડક, 84 લાખ જીવાયોનિમાં કર્મ પ્રમાણે જન્મ-મરણ કરે છે. આ ચક્ર અનાદિકાળથી ચાલી રહ્યું છે. આ સ્થિતિમાં તે જીવોમાં સદ્ ગુણોનો પ્રકાશ હોતો નથી. તેના અનંત જન્મ-મરણ રૂપ પરિભ્રમણનો કિનારો દેખાતો નથી તેવી અંધકારમય અનંતકાલીન સંસાર પરિભ્રમણની સ્થિતિવાળા જીવો **કૃષ્ણપક્ષી** કહેવાય છે.

અનંત જન્મ-મરણના દુઃખો ભોગવતાં , અકામ નિર્જરા કરતાં- કરતા કેટલાંક ભવી જીવોનો સંસાર પરિભ્રમણકાળ અર્ધ પુદ્‌ગલ પરાવર્તનકાળ શેષ રહે છે, ત્યારે તે જીવો **શુકલપક્ષી** કહેવાય છે. શુકલપક્ષી જીવો અર્ધપુદ્‌ગલ પરાવર્તનકાળમાં અવશ્ય મોક્ષે જાય છે.

કૃષ્ણપક્ષી કે શુકલપક્ષીપણુ કાલ સાપેક્ષ ભાવ છે. એકવાર શુકલપક્ષી બનેલા જીવ ફરીવાર કૃષ્ણપક્ષી થતા નથી.

શુકલપક્ષી જીવોમાં કેટલાંક સદ્ ગુણોનો પ્રકાશ થાય છે. તે જીવોની ગાઢ અંધકારમય સ્થિતિ દૂર થઈ જાય છે.



**પુદ્‌ગલ પરાવર્તનની સમજ – (સારાંશ)**

આ જૈનધર્મનો પારિભાષિક શબ્દ છે. તે અનંતકાલનો સૂચક છે. જીવ લોકમાં રહેલા સમસ્ત પુદ્‌ગલ પરમાણુઓને ગ્રહણ કરી પોતાના શરીર, મન, વચન ,




શ્વાસોશ્વાસ કે કર્મરૂપે પરિણમાવીને છોડે. તેમાં જેટલો કાલ પસાર થાય તેને એક પુદ્ગલ પરાવર્તન કહેવાય છે. પરમાણુ પુદગલોની વર્ગણાની વિવિધતાની અપેક્ષાએ પુદ્ગલ પરાવર્તનના સાત પ્રકાર છે. દરેક પુદ્ગલ પરાવર્તનમાં અનંત કાલચક્ર પસાર થાય છે. પ્રત્યેક જીવે ભૂતકાળમાં અનંત પુદ્ગલ પરાવર્તન કાળ જન્મ – મરણમાં વ્યતીત કર્યા છે અને મોક્ષ ન થાય, ત્યાં સુધી આ પરિભ્રમણ ચાલુ રહે છે.

એક પુદ્ગલ પરાવર્તનકાળથી અર્ધાકાળને અર્ધ પુદ્ગલ પરાવર્તનકાળ કહે છે તેમાં પણ અનંતકાલ પસાર થાય છે.

## 03 સમ્યગ્ દર્શન

કૃષ્ણપક્ષી જીવો મિથ્યાત્વી જ હોય છે, તે જીવોને મિથ્યાત્વના ઉદયે સુદેવ, સુગુરુ, સુધર્મ કે નવ તત્ત્વ ઉપર શ્રદ્ધા હોતી નથી. મિથ્યાત્વનો ઉદય જીવને મૂઢ બનાવે છે, જીવને ભ્રમિત કરે છે. તે મૂઢ જીવો સત્ય-અસત્યનો કે સાર-અસારનો નિર્ણય કરી શકતા નથી. પરિણામે તે જીવો અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.



શુકલપક્ષી જીવોમાં કેટલાક જીવો કોઈ સત્ નિમિત્તને પામીને અથવા કેટલાક જીવો સ્વયં પોતાની મેળે સત્યને સમજે છે. તે જીવોનું મિથ્યાત્વ મોહનીય કર્મ નાશ પામે છે, ત્યાર પછી તેને સુદેવ-સુગુરુ-સુધર્મની અને નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા થાય છે. જગતમાં રહેલા જડ અને ચેતન દ્રવ્યો જેવા છે, તેવા જ યથાર્થ રૂપે જાણે છે અર્થાત તેને **સમ્યગ્ દર્શન** પ્રગટ થાય છે. તે જીવ જડ અને ચેતનનો ભેદ કરીને સ્વયંના આત્મસ્વરૂપનો યથાર્થ બોધ કરે છે. "હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું, શરીરાદિ તમામ પદાર્થો મારાથી ભિન્ન છે." તે પ્રકારનો તે અનુભવ કરે છે.


સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ એ આત્મવિકાસનું પ્રથમ સોપાન છે. સમ્યગ્ દર્શન

પ્રગટ થયા પછી જ તેના આત્મવિકાસનો પ્રારંભ થાય છે.

સમ્યગ્ દર્શન કે મિથ્યાત્વ, આ બંને અવસ્થા કર્મજન્ય છે. તેથી તેમાં જીવના પુરુષાર્થથી પરિવર્તન થઈ શકે છે. સમકિતી જીવ ફરીવાર મિથ્યાત્વી અને મિથ્યાત્વી જીવ ફરી સમકિતી થઈ શકે છે.


## 04 પરિત્તસંસારી

જે જીવોનો સંસાર પરિભ્રમણકાળ પરિમિત કે સીમિત થઈ ગયો હોય, જે જીવોને સંસારમાં સંખ્યાત કે અસંખ્યાત કાળજ હવે રહેવાનું હોય તેને **પરિત્તસંસારી** કહે છે. જે જીવોને અનંતકાળ પરિભ્રમણ કરવાનું હોય તેને **અપરિત્તસંસારી** કહે છે.



પરિત્તસંસારી

સમ્યગ્ દર્શની જીવોમાં પણ પરિત્તસંસારી અને અપરિત્તસંસારી બંને પ્રકારના જીવો હોય છે. જે જીવો ગણતરીના ભવોમાં જ મોક્ષે જવાના હોય, તે પરિત્તસંસારી સમ્યગ્ દર્શની અને કેટલાંક સમકિતી જીવો પતિત થઈને નિગોદમાં અનંતકાળ પસાર કરવાના હોય, ત્યાર પછી ફરી સમકિત પામીને મોક્ષે જવાના હોય, તે જીવો અપરિત્તસંસારી છે, તે જીવો પણ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષે જાય છે.




અપરિત્તસંસારી

પરિત્તસંસારીપણુ કાલ સાપેક્ષ છે. એકવાર પરિત્તસંસારી બન્યા પછી જીવ ક્યારેય અપરિત્તસંસારી બનતા નથી.

## 05 સુલભબોધિ

પરિત્તસંસારી કે અપરિત્તસંસારી, બંને પ્રકારના જીવો સુલભબોધિ અને દુર્લભબોધિ હોય છે.


જે જીવોને સત્યની રુચિ કે સત્યપ્રાપ્તિ અથવા જિનધર્મની પ્રાપ્તિ સહજતાથી થાય, તેને **સુલભબોધિ** કહે છે અને જે જીવોને સત્યની રુચિ કે સત્યની પ્રાપ્તી અથવા જિનધર્મની




દુર્લભબોધિ

પ્રાપ્તિ મુશ્કેલીથી થાય, તેવા ભારે કર્મી જીવોને **દુર્લભબોધિ** કહે છે.

પરિત્તસંસારી બનેલો જીવ આત્મવિકાસની યાત્રામાં આગળ વધતો, તે લક્ષે પુરુષાર્થ કરતો સુલભબોધિ બને છે. સુલભબોધિપણુ ભાવ સાપેક્ષ છે.


સુલભબોધિ

## 06 આરાધક



તીર્થંકરની આજ્ઞા અનુસાર શ્રાવકધર્મ કે સાધુધર્મનું યથાર્થ પાલન કરે, તેને **આરાધક** કહે છે અને તથા પ્રકારના કર્મોના ઉદયે આજ્ઞાનું ઉલ્લંઘન કરે, તેને **વિરાધક** કહે છે. આરાધકપણુ પણ જીવોના ભાવ સાપેક્ષ છે. તે ભાવ અનેકવાર આવે છે. આરાધક જીવો આત્મવિકાસયાત્રામાં આગળ વધી શકે છે.

## 07 ચરમ

જે જીવનો વર્તમાનભવ અંતિમ હોય, હવે બીજો ભવ કે બીજું શરીર ધારણ કરવાનું ન હોય, તેને **ચરમ** કહે છે અને જે જીવોને એકથી અધિક ભવ કે શરીર પ્રાપ્ત કરવાના હોય, તેને **અચરમ** કહે છે.

ચરમ જીવ જ મોક્ષમાં જાય છે.

સાધક સાધનાના માર્ગે પુરુષાર્થ કરતાં મોહનીય કર્મનો - રાગ-દ્વેષનો ક્ષય કરતાં ક્ષપક શ્રેણીનો પ્રારંભ કરે છે. અને તે જીવ તદ્ ભવ મોક્ષગામી – તે જ ભવમાં મોક્ષમાં જવાની પાત્રતા કેળવી લે છે. અર્થાત તે જીવ ચરમ બને છે.

## 08 કેવળી

ક્ષપકશ્રેણીમાં પુરુષાર્થથી મોહનીયકર્મનો ક્ષય કરીને જીવ વીતરાગી બને છે, ત્યાર પછી એક જ અંતઃ મુહૂર્તમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, આ ત્રણે કર્મનો એક સાથે ક્ષય કરે છે. આ રીતે ચાર ઘાતિકર્મોનો ક્ષય થતાં જીવ છદ્મસ્થ અવસ્થાને છોડીને કેવળી અવસ્થાને પામે છે.


છદ્મ = આવરણ, સ્થ = સ્થિત. ઘાતિકર્મોના આવરણમાં સ્થિત જીવોને **છદ્મસ્થ** કહે છે, તે આવરણ દૂર છતાં જીવ **કેવળી** બને છે.

## 09 અયોગી

કેવળી ભગવાન ચાર અઘાતિ કર્મોને ભોગવી રહ્યા છે. આયુષ્યકર્મનો ઉદય હોય ત્યાં સુધી તેઓ કેવળીપણે વિચરે છે. જીવ જઘન્ય અંતઃર્મુહર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વવર્ષમાં કંઈક ન્યૂન વર્ષ સુધી કેવળીપણે વિચરે છે. ત્યાં સુધી તેમની મન,વચન,કાયાની પ્રવૃત્તિઓ ચાલુ હોય છે, તેથી તેને **સયોગી** કેવળી કહે છે. જ્યારે અંતઃર્મુહર્તનું આયુષ્ય શેષ રહે, ત્યારે કેવળી ભગવાન પોતાના મન-વચન-કાયાના યોગનો નિરોધ કરીને અર્થાત ત્રણે યોગની પ્રવૃત્તિને પૂર્ણતઃ બંધ કરીને સયોગીમાંથી **અયોગી** બની જાય છે.

અનાદિકાળથી જન્મ-મરણ કરતો જીવ સયોગી જ હોય છે. તેના આત્મ પ્રદેશોમાં સતત કંપન ચાલુ જ હોય છે. જ્યારે તેઓ અયોગી બને છે, ત્યારે આત્મપ્રદેશો નિષ્કંપ બને, ત્યાર પછી નવા કર્મો બંધાતા નથી. પૂર્વના કર્મોનો નાશ થાય છે.

અયોગી અવસ્થામાં જીવ અત્યંત અલ્પસમય જ રહે છે. તે અ, ઈ, ઉ, ઋ, લૃ આ પંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણકાલ પ્રમાણ રહે છે. તે કાલ દરમ્યાન વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર, આ ચાર અઘાતિ કર્મોનો નાશ કરે છે.



## 10 સિદ્ધક્ષેત્રમાં સ્થિતિ



આઠે કર્મોથી તથા શરીરથી સંપૂર્ણ રીતે મુક્ત થયેલો શુદ્ધ, બુદ્ધ, અને મુક્ત આત્મા પોતાની અનંતશક્તિથી ઊર્ધ્વગમન કરે છે.

એક જ સમયમાં સીધી-સરળગતિથી મનુષ્યક્ષેત્રની બરોબર ઉપર સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે અને સાદિ અનંતકાળ પર્યંત ત્યાં સ્થિર થઈ જાય છે.

અનંતકાળ પર્યંત શુદ્ધ ચૈતન્યસ્વરૂપી આત્મા અખંડ આત્મભાવમાં સ્થિર રહે છે, તેની પરિસ્થિતિમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી. તે શુદ્ધાત્માને હવે દુઃખનું કોઈ નિમિત્ત જ હોતું નથી. તે જીવોને જન્મ નથી, વૃદ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી, રોગ નથી, શોક નથી, શરીરજન્ય કે સંયોગજન્ય કોઈ પણ દુઃખ હોતું નથી, તેથી અનંત આત્મિક સુખમાં બિરાજમાન હોય છે.

આ છે જીવની નિગોદથી મોક્ષ સુધીની વિકાસયાત્રા...

**અપેક્ષિત પ્રશ્નો –**

1. કયા જીવો આત્મવિકાસ કરી શકે છે ?
2. અવ્યવહાર રાશિ કોને કહેવાય ? તમારો આત્મા કઈ રાશિમાં છે ?
3. જીવ શુકલપક્ષી ક્યારે બને ?
4. મિથ્યાત્વ જીવને શું બનાવે છે ?
5. સમ્યગ્દર્શન એટલે શું ?
6. પરિત્તસંસારી જીવ ફરી વાર અપરિત્તસંસારી બને કે નહીં, અને શા માટે ?
7. આરાધક કોને કહેવાય ?
8. અઘાતી કર્મોનો નાશ કયા કર્મ સાથે થાય ?
9. જીવ સિદ્ધક્ષેત્રમાં કેટલા સમયમાં અને કેવી ગતિથી જાય છે ?
10. સિદ્ધ અવસ્થાની સ્થિતિ કેટલી ?
11. સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય પછી જીવનો મોક્ષ ક્યારે થાય ?

# ચૌદ રાજલોક

મનુષ્યના મનમાં હંમેશાં જીવ, જગત અને જગતપતિ એટલે ઇશ્વરના વિષયમાં જિજ્ઞાસા થયા જ કરે છે.

આ જીવ શું છે ? જીવ કેવો છે ? જીવને કોણે બનાવ્યો છે ?

તે જ રીતે - આ જગત શું છે ? જગતની રચના કોણે કરી છે ? ક્યારે કરી છે ? આ જગત ક્યાં સુધી રહેશે ? વગેરે અનેક પ્રશ્નોની વણઝાર આ બધાં વિષયોમાં જિજ્ઞાસુઓને થાય છે.

પ્રસ્તુત વિષયમાં આપણે જગત - લોક વિષયક પ્રશ્નોના સમાધાન માટે જાણીએ આ લોકનું સ્વરૂપ...

જૈનદર્શનની દ્રષ્ટિયે આ લોક અનાદિકાલથી છે અને અનંતકાળ સુધી રહેશે. લોકની ઉત્પતિ કે વિનાશ થતો નથી. લોકની રચના કોઇ ઇશ્વરે કરી નથી. તેમ જ અન્ય કોઈપણ તત્ત્વના નિમિત્તથી લોકની રચના થઇ હોય તેવું પણ નથી. આ લોક સહજ રૂપે હતો, છે અને રહેશે.

લોકમાં – ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ આ 6 દ્રવ્ય રહેલા છે. આ 6 સિવાય આ લોકમાં અન્ય કોઈ દ્રવ્યો નથી.

6 દ્રવ્યોમાં આકાશ દ્રવ્ય અનંત અનંત ક્ષેત્રમાં વ્યાપક છે. અનંત આકાશદ્રવ્યના જેટલા વિભાગમાં છ દ્રવ્ય હોય, તેટલા ક્ષેત્રને **લોક** કહે છે અને લોકની બહારના વિભાગને જ્યાં માત્ર આકાશદ્રવ્ય જ છે, તેને **અલોક** કહે છે.

લોક લંબાઈમાં ચૌદ રજ્જુ પ્રમાણ છે માટે ચૌદ રાજલોક કહેવાય છે. લોક પહોળાઇમાં એક રજ્જુથી લઇ સાત રજ્જુનો છે.

રજ્જુ ક્ષેત્રને માપવાનું એક માપ છે. જેમ કીલોમીટર, માઇલ, ફર્લાંગ, ગાઉ, યોજન વગેરે છે તેવી રીતે અસંખ્યાત યોજન પ્રમાણ એક રજ્જુ થાય.

## લોકનો આકાર

લોકનો આકાર સુપ્રતિષ્ઠિત સરાવલાના આકારે અર્થાત્ સારી રીતે ગોઠવેલા સરાવલા – કોડિયા જેવો છે. એટલે કે એક કોડિયું ઉંધું એની ઉપર બીજું કોડિયું સીધું


અને એની ઉપર પાછું એક કોડિયું ઉંધું રાખીએ તો, જેવો આકાર થાય તેવો અથવા એક પુરુષ પોતાના બંને પગ પહોળા કરી, બંને હાથ કમ્મર પર રાખી ઉભો રહે, તો જેવો આકાર દેખાય તેવો આકાર હોય છે. અર્થાત્ લોક પુરુષાકારે સ્થિત છે.

## લોકના વિભાગ

લોકના 3 વિભાગ છે.

અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક.

**અધોલોક:** લોકના નીચેના વિભાગને અધોલોક કહે છે. અધોલોક ઉંધા કોડીયાના આકારે છે. તે સાત રજજુથી કંઇક અધિક ઉંચાઈવાળો છે.



સાત નરક પૃથ્વીયો

અધોલોકમાં મુખ્યતઃ સાત નરક પૃથ્વીઓ આવેલી છે. તે સાત નરક પૃથ્વીના ગોત્રના નામ રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમસ્પ્રભા, તમ:તમસ્પ્રભા.

તેમાં નારકીઓને રહેવાના સ્થાન - નરકાવાસો છે. તથા ભવનપતિ દેવોના ભવન છે.

અધોલોકમાં ચારે ગતિના જીવો હોય છે.

અધોલોકની પ્રથમ પૃથ્વીનું નામ રત્નપ્રભા છે. તેનો પિંડ એક લાખ 80 હજાર યોજનનો છે. તેમાંથી એક હજાર યોજન ઉપર એવમ એક હજાર યોજન નીચે છોડી વચ્ચે એક લાખ 78 હજાર યોજનની જગ્યામાં તેર પાથડા અને બાર આંતરા છે. તેમાં ઉપરના બે આંતરા છોડી બાકીના દશ આંતરામાં ક્રમશઃ દશ ભવનપતિ દેવોના ભવન છે. ભવનપતિ દેવો ફકત પ્રથમ પૃથ્વીના આંતરામાં જ રહે છે. અન્ય પૃથ્વીના આંતરા ખાલી છે.

જેમ આપણા મકાનમાં રૂમો વગેરે હોય અને એની ઉપર છત હોય, તેવી રીતે રૂમો વગેરે જેવી જગ્યાને આંતરા કહેવામાં આવે છે અને છત જેવી જગ્યાને પાથડા કહેવાય છે. એક પર બીજો માળ અને બીજા પર ત્રીજો માળ હોય એવી રીતે આ પાથડા અને આંતરા આવેલા છે.

ભવનપતિના ભવનો સાત કરોડ 72 લાખ છે. ભવનપતિના ભવનો નાનામાં

નાના જંબૂદ્વીપ પ્રમાણ એટલે કે એક લાખ યોજનના છે. મધ્યમ સંખ્યાતા યોજનના છે અને મોટામાં મોટા અસંખ્યાત યોજનના પણ છે.

ત્યાં ઉપપાત શય્યાઓ હોય છે. તેમાં દેવો ઉત્પન્ન થાય. આ ભવનોમાં ભવનપતિના અસંખ્યાતા દેવો રહે છે.

નારકીના જીવો પાથડામાં રહે છે. પાથડા અંદર રહી શકાય એવા હોય છે. ત્યાં નરકાવાસા છે. નારકીના જીવો ત્યાં રહે છે.

નરકાવાસા પણ સંખ્યાત અને અસંખ્યાત યોજનના લાંબા પહોળા હોય છે. આવા નરકાવાસો 84 લાખ છે.



આ નરકાવાસોમાં અસંખ્યાતા નારકીઓ રહે છે. નરકાવાસમાં નીચેથી પહોળી અને ઉપરથી સાંકડી અસંખ્યાતી કુંભીઓ હોય છે. એમાં નરકના જીવો ઉત્પન્ન થાય છે. કુંભીનું મોઢું સાંકડું હોવાથી નારકીઓ બહાર નીકળી શકતા નથી. એ સમયે પરમાધામી દેવો તેઓના શરીરના ટૂકડે ટૂકડા કરી તેઓને કુંભીની બહાર કાઢે છે.

તેઓનું આયુષ્ય નિરૂપક્રમી હોય છે અર્થાત્ કોઇ પણ નિમિત્તથી આયુષ્ય તૂટતું નથી. તેથી નારકી જીવોનું અકાલ મૃત્યુ થતું નથી. તેનું આયુષ્ય પૂરું થાય, ત્યારે જ તેનું મૃત્યુ થાય છે અને તેઓનું શરીર વૈક્રિય હોય છે, તેથી એ બધાં ટૂકડા એકબીજાને જોડાઇ જાય છે. દેવોનું આયુષ્ય પણ નિરૂપક્રમી હોય છે.

તેઓ આખી જીંદગી પર્યંત દુઃખી રહે. ભયંકર ઠંડી, ગરમી, ભૂખ, તરસ, ભય, ચિંતા, પરાધીનતા, રોગ, ખંજવાળ, દાહ આદિ દસ પ્રકારની ક્ષેત્ર વેદના ભોગવે છે. ત્રણ નરક સુધી પરમાધામી દેવો તેઓને ભયંકર દુઃખો આપે. તેનાથી ઉપરની નરકમાં પોતે એક બીજાને દુઃખો આપે છે. આ રીતે નરકમાં ક્ષેત્રકૃતવેદના, દેવકૃતવેદના અને પરસ્પરકૃતવેદના, આ ત્રણ પ્રકારની વેદના હોય છે.

ભવનપતિના દેવોમાં એક જાતિ પરમાધામી દેવોની છે.

પરમાધામી દેવો અસુરકુમાર દેવોની સાથે પ્રથમ નરકના આંતરામાં રહે છે

અધોલોકમાં મહાવિદેહની બે વિજય વપ્રા તથા સલીલાવતી સો યોજન સુધી ગયેલી છે. તેમાં મનુષ્યો એવમ્ તિર્યંચો રહે છે.

મહાવિદેહ ક્ષેત્રની વપ્રા અને સલિલાવતી આ બે વિજય સમપૃથ્વીથી એક

હજાર યોજન નીચે સુધી ગઈ છે. તેના નવસો યોજન મધ્યલોકમાં છે અને પછીના 100 યોજન અધોલોકમાં હોવાથી અમૂક નગરો અને ગામો અધોલોકના કહેવાય છે. ત્યાંના મનુષ્યો, તિર્યંચ પંચેન્દ્રિય આદિ જીવો અધોલોકવાસી કહેવાય છે. આ રીતે અધોલોકમાં જે મનુષ્ય ક્ષેત્ર છે, ત્યાં વિકલેન્દ્રિય તથા પાંચે પ્રકારના સ્થાવર જીવો પણ રહે છે.

એટલું જ નહીં ત્યાં તીર્થંકર પ્રભુનો જન્મ પણ થાય. ચતુર્વિધ સંઘ, જૈન શાસન, કેવળી ભગવંત આદિ બધું અહીંની જેમ જ હોય.

અધોલોકમાં અન્ય નરક પૃથ્વીઓ રત્નપ્રભા પૃથ્વીની નીચે ક્રમથી આવેલી છે. આ બધી જ પૃથ્વીઓમાં પાથડા અને આંતરા છે. આંતરા ખાલી છે. પાથડામાં નારકીના જીવો રહે છે.

રત્નપ્રભા પૃથ્વી પૂર્ણ થાય તેની નીચે વીસ હજાર યોજનનો ઘનોદધિ (બરફ જેવું ઘટ્ટ પાણી) હોય. ઘનોદધિની નીચે અસંખ્યાતા યોજનમાં ઘનવાયુ-ઘનીભૂત વાયુ હોય, તેની નીચે અસંખ્યાતા યોજનમાં તનવાયુ હોય (પાતળો વાયુ), તેની નીચે અસંખ્યાતા યોજનમાં આકાશ છે. ત્યાર પછી બીજી નરક પૃથ્વી ચાલુ થાય છે. આ રીતે સાતે પૃથ્વી વિષે જાણવું ત્યાર બાદ અનંતો અલોક ચાલુ થઇ જાય છે.



**મધ્યલોક:** લોકના મધ્યભાગને મધ્યલોક કહેવાય છે. મધ્યલોક એક રજ્જુ લાંબો પહોળો અને 1800 યોજન ઉંચો છે.

અધોલોક અધોદિશામાં એટલે નીચી દિશામાં અને ઊર્ધ્વલોક ઊર્ધ્વ દિશામાં એટલે કે ઊંચી દિશામાં આગળ વધે છે. જ્યારે મધ્યલોક ઉંચી નીચી દિશામાં ફકત 900-900 યોજન જ છે અને તિરછી દિશામાં એટલે કે ચારેય દિશામાં ફેલાયેલો છે માટે તિરછાલોક પણ કહેવાય છે.

મધ્યલોકમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્રો છે. અસંખ્યાતા વાણવ્યંતરના નગરો છે. અસંખ્યાતા જ્યોતિષ દેવોના વિમાન છે તથા અસંખ્યાતી દેવોની રાજધાનીઓ છે. નારકી છોડી બાકીની ત્રણે ગતિના જીવો મધ્યલોકમાં રહે છે.

મધ્યલોકની મધ્યમાં જંબૂદ્વીપ છે. તે 1 લાખ યોજનનો છે, તેને ફરતો લવણ સમુદ્ર છે. તે પૂર્વ-પશ્ચિમ 2-2 લાખ યોજનનો એટલે કે 4 લાખ યોજન થાય છે. તેને ફરતો ઘાતકીખંડ દ્વીપ છે, તે પૂર્વ-પશ્ચિમ 4-4 લાખ યોજનનો એટલે કે 8 લાખ યોજન થાય છે. તેને ફરતો કાલોદધિ સમુદ્ર છે, તે પૂર્વ- પશ્ચિમ 8-8 લાખ યોજન એટલે કે 16 લાખ યોજન થાય છે. તેને ફરતો અર્ધપુષ્કર દ્વીપ છે. તે 16 લાખ યોજનનો છે. આ રીતે અઢીદ્વીપ અસંખ્યાત દ્વીપ સમુદ્ર એક રજ્જુ પ્રમાણ મધ્યલોકમાં ફેલાયેલા છે. અઢીદ્વીપ 1+4+8+16+16 = 45 લાખ યોજનનો થાય છે.

જંબૂ દ્વીપનો આકાર થાળી જેવો છે. બાકીના બધાં સમુદ્રો તથા દ્વીપો એક ને ફરતો બીજો અને બીજાને ફરતો ત્રીજો આમ હોવાથી બધાંના આકાર ચૂડી, બંગડી, વલય જેવા છે. મનુષ્યો ફકત અઢીદ્વીપ સમુદ્રોમાં જ રહે છે.

અઢીદ્વીપમાં જંબૂદ્વીપ, ઘાતકીખંડ, અર્ધપુષ્કરદ્વીપ તથા લવણ અને કાલોદધિ સમુદ્ર, આ અઢીદ્વીપ અને બે સમુદ્રનો સમાવેશ થાય છે.

પુષ્કરદ્વીપમાં બરોબર વચ્ચે ચૂડીની આકારે માનુષોત્તર પર્વત છે. તે પર્વતની પેલે પાર મનુષ્યો રહેતા નથી. અર્ધાદ્વીપમાં જ રહે છે, માટે અર્ધ પુષ્કરદ્વીપ કહેવાય છે.

અઢીદ્વીપ સમુદ્રોમાં મનુષ્યો રહે છે. બાકી બધાં દ્વીપ સમુદ્રોમાં મનુષ્ય છોડીને તિર્યંચ પંચેન્દ્રિય એટલે કે પશુઓ, પક્ષીઓ, જળચર પ્રાણીઓ વગેરે રહે છે. વિકલેન્દ્રિય, સ્થાવર જીવો પણ રહે છે, તેમ જ ચારે જાતિના દેવોની રાજધાનીઓ પણ ત્યાં હોય છે. ત્યાં દેવ-દેવીઓ અવારનવાર ક્રીડા કરવા આવતા રહે છે.

**અઢીદ્વીપમાં મનુષ્યને રહેવાના ક્ષેત્ર 101 છે, તે આ પ્રમાણે –**

15 કર્મભૂમિ, 30 અકર્મભૂમિ અને 56 અતંરદ્વીપ.

પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ આ 15 કર્મભૂમિઓ છે. તેમાંથી જંબૂદ્વીપમાં એકેક ભરત ક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર આ 3 કર્મ ભૂમિના ક્ષેત્રો છે. ઘાતકીખંડમાં બે ભરતક્ષેત્ર, બે ઐરાવત ક્ષેત્ર અને બે મહાવિદેહક્ષેત્ર, કુલ 6 કર્મભૂમિના ક્ષેત્ર છે. તે જ રીતે અર્ધપુષ્કરદ્વીપમાં પણ 6 કર્મભૂમિના ક્ષેત્ર છે. આ રીતે 3+6+6 = 15 કર્મભૂમિના ક્ષેત્રો છે.

ત્રીસ અકર્મભૂમિઃ પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ, પાંચ હરિવાસ, પાંચ રમ્યક્ વાસ, પાંચ હેમવય અને પાંચ હિરણ્યવય આ નામથી ઓળખાય છે. તેમાંથી જંબૂદ્વીપમાં એક હેમવય, એક હિરણ્યવય, એક હરિવાસ, એક રમ્યક્વાસ, એક

દેવકુરુ અને એક ઉત્તરકુરુક્ષેત્ર, કુલ 6 અકર્મભૂમિના ક્ષેત્રો છે. ઘાતકીખંડ અને અર્ધપુષ્કરદ્વીપમાં દરેક ક્ષેત્રો બે-બે છે, તેથી ત્યાં 12-12 ક્ષેત્રો છે. આ રીતે 6+12+12 = 30 અકર્મભૂમિના ક્ષેત્રો છે.

56 અંતરદ્વીપના ક્ષેત્રો લવણ સમુદ્રમાં આવેલા છે.

ભરતક્ષેત્રની મર્યાદા કરનાર ચુલહિમવંત પર્વત છે તથા ઐરવત ક્ષેત્રની મર્યાદા કરનાર શિખરી પર્વત છે. આ બંને પર્વતની પૂર્વ તથા પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રમાં સાત સાતની લાઈનમાં કુલ 56 દ્વીપો આવેલા છે. તે દ્વીપોમાં મનુષ્યો રહે છે.

લવણ સમુદ્રની અંદર હોવાથી તથા અંતર સહિત હોવાથી તે દ્વીપોને અંતરદ્વીપ કહે છે.

તે સાત-સાત દ્વીપો ક્રમશઃ દાઢાના આકારે ગોઠવાયેલા છે. કાળોદધિ સમુદ્રમાં આવા દ્વીપો નથી માટે ત્યાં મનુષ્યો નથી રહેતા.

મધ્યલોકમાં સૌથી છેલ્લે સ્વયંભૂરમણ સમુદ્ર આવે છે. મધ્યલોકના દરેક દ્વીપ સમુદ્રો એકથી બીજો બમણો મોટો છે અને બીજાથી ત્રીજો બમણો મોટો છે, એમ કરતા કરતા સૌથી છેલ્લે સ્વયંભૂરમણ સમુદ્ર છે. તે અર્ધા રજ્જુ પ્રમાણ છે.

મધ્યલોકમાં વાણવ્યંતરના આવાસો સમપૃથ્વીથી નીચે રત્નપ્રભા પૃથ્વીના ઉપરના એક હજાર યોજનમાંથી 100 યોજન નીચે અને 100 યોજન ઉપર છોડતા વચ્ચે 800 યોજનની પોલાણ છે, તેમાં 16 જાતિના વાણવ્યંતર દેવો રહે છે. તેના નિવાસને નગર કહે છે.

મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપો છે, તે બધાં દ્વીપોની નીચે વાણવ્યંતરના નગરો આવેલા છે.

એક એક નગર ભરત ક્ષેત્ર, મહાવિદેહ ક્ષેત્ર અથવા જંબૂદ્વીપ ક્ષેત્ર જેવડા છે. આવા અસંખ્યાતા નગરો છે.

દરેક સમુદ્રો એક હજાર યોજન ઉંડા છે અને નગરો રત્નપ્રભા પૃથ્વીના ઉપરના 900 યોજનનાં દળમાં જ આવેલા છે. તેથી સમુદ્રની નીચે નગરો નથી.


ઉપર 100 યોજન છોડી દીધા એમાં પણ દેવો રહે છે. તે 100 યોજનમાંથી દસ યોજન ઉપરના અને દસ યોજન નીચેના છોડી વચ્ચે 80 યોજનની પોલાણ છે, તે પોલાણમાં દસ જાતિના જૃંભક દેવો રહે છે. તેમના નગરો પણ વાણવ્યંતરની જેમ સમજવા. પર્વતો, વનો આદિમાં પણ તેઓ નિવાસ કરે છે.

જ્યોતિષ દેવોના આવાસ સમપૃથ્વીથી 790 યોજન ઉપરથી ચાલુ થાય છે. ઉપર 900 યોજન સુધી અર્થાત્ 110 યોજનમાં તેમના આવાસો હોય છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાઓ જ્યોતિષી દેવો કહેવાય છે. તેમના આવાસો તિચ્છાલોકમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્રની ઉપર અસંખ્યાતા છે.

જ્યોતિષદેવોના વિમાન (આવાસ) અર્ધકોઠાના આકારના અર્ધગોલ હોય છે.

અઢીદ્વીપ સમુદ્ર રૂપ જે ક્ષેત્ર છે, ત્યાં મનુષ્યો રહેતા હોવાથી તેને મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે. તે ઉપરાંત અઢીદ્વીપક્ષેત્રમાં જ ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષીદેવોની ગતિ થતી હોવાથી ત્યાં રાત-દિવસ આદિ કાળનું પરિવર્તન થાય છે, તેથી તે સમય ક્ષેત્ર તરીકે પણ ઓળખાય છે. અઢીદ્વીપની બહારના ચંદ્ર-સૂર્ય સ્થિર છે, તેથી ત્યાં રાત-દિવસ થતાં નથી.

બાદર અગ્નિ ફક્ત અઢીદ્વીપ ક્ષેત્રમાં જ છે. 14 રાજલોકમાં બીજે કયાંય નથી.


વૈમાનીક દેવોના આવાસ

**ઊર્ધ્વલોક:** ઊર્ધ્વલોકની ઉંચાઈ સાત રજ્જુથી કાંઇક ઓછી છે. ઊર્ધ્વલોક ઊર્ધ્વ મૃદંગને આકારે છે.


જ્યોતિષી દેવોના વિમાનોની ઉપરથી એટલે સમપૃથ્વીથી 900 યોજન ઉંચેથી ઊર્ધ્વલોક શરૂ થાય છે.

**મેરુપર્વત:** મેરુપર્વત મધ્યલોકના જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં છે પરંતુ તેની ઊંચાઈ એક લાખ યોજનની છે. તેથી તે ત્રણે લોકને સ્પર્શે છે. તે સંપૂર્ણતઃ સુવર્ણમય છે.

મેરુપર્વત સમપૃથ્વીની નીચે એક હજાર યોજન ગયો છે એટલે તેના 100 યોજન અધોલોકમાં છે અને ઉપર 99 હજાર યોજનની ઊંચાઈમાં છે. સમપૃથ્વીથી ઉપર 900 યોજન સુધી જ મધ્યલોક છે, તેથી તેનો બાકીનો બધો ભાગ ઊર્ધ્વલોકમાં છે. આ રીતે મેરુપર્વતના 100 યોજન અધોલોકમાં, 1800 યોજન મધ્યલોકમાં અને બાકીનો બધો ભાગ ઊર્ધ્વલોકમાં છે. 98100 યોજન ઊર્ધ્વલોકમાં છે.


મેરુપર્વતની પહોળાઈ જમીન પર દસ હજાર યોજનની છે. તે ક્રમશઃ ઘટતા ઘટતા ઉપર 100 યોજન છે. તે પર્વત પર ચાર વિશાળ વનો છે. તે આ પ્રમાણે છે -

ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન અને પંડગવન. તેમાંથી પ્રથમ બે વન મધ્યલોકમાં અને બે વન ઊર્ધ્વલોકમાં છે. તે વનોમાં તિર્યંચ જીવો એટલે કે પશુ-પક્ષીઓ, વિકલેન્દ્રિય જીવો અને સ્થાવર જીવો રહે છે. તે વનોમાં વાવડીઓ પણ છે. તેમાં જળચર જીવો રહે છે.



તીર્થંકર પ્રભુના જન્મોત્સવ માટેની અભિષેક શિલાઓ મેરુપર્વતના સૌથી ઉપરી પંડગવનમાં છે. પ્રભુના જન્મ બાદ ઇન્દ્રો પ્રભુના અભિષેક આ શિલાઓ પર જ કરે છે.


ઊર્ધ્વલોક શરૂ થાય ત્યાંથી અસંખ્યાત યોજન ઉપર જઇએ, પછી વૈમાનિક દેવોના વિમાનો (આવાસો) છે. તે વિમાનોમાં અસંખ્યાતા વૈમાનિક દેવો રહે છે. ઊર્ધ્વલોકના દેવોના આવાસોને વિમાન કહેવામાં આવે છે. ત્યાંના દેવો વૈમાનિક દેવો કહેવાય છે. ઊર્ધ્વલોકમાં ક્રમશઃ ઉપર બાર દેવલોક, નવ ગ્રૈવેયક વિમાનો અને પાંચ અનુત્તર વિમાનો છે. એક-એક દેવલોકમાં હજારો કે લાખો વિમાનો છે. તે સર્વ મળીને દેવોના આવાસ રૂપી 84, 97, 023 વિમાનો છે.




ઊર્ધ્વલોકમાં સૌથી ઉપર સિદ્ધશિલા છે અને તેની ઉપર લોકનાં અંત ભાગમાં સિદ્ધક્ષેત્ર છે. ત્યાં અનંતા સિદ્ધ ભગવંતો નિરંજન – નિરાકાર અનંત આત્મિક સુખની લહેરમાં બિરાજે છે.

આપણે ત્રણે લોકના આ બધાં ક્ષેત્રોમાં પાંચ અનુત્તર વિમાનને છોડીને અનંત અનંત વાર જન્મ મરણ કરી લીધાં છે. હવે વહેલામાં વહેલી તકે દૃઢ સમ્યક્ત્વને ધારણ કરી, ભગવાનની આજ્ઞા પ્રમાણે આરાધના કરી, સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધક્ષેત્રમાં સિદ્ધ સ્વરૂપે બિરાજમાન થઇ જઇએ એવો પુરુષાર્થ કરીએ. ચૌદ રાજલોક વિષેનું વર્ણન મુખ્યતઃ શ્રી "જીવાજીવાભિગમ" આગમ સૂત્રમાં આવે છે.

# • 14 રાજલોક •



સિદ્ધક્ષેત્ર (અનંત સિદ્ધ)
૫ અનુત્તર વિમાન (૧ પાથડો)
સિદ્ધ શિલા
અનંત અલોકાકાશ
૧૪
૧૩
૧૨
૧૧
૧૦
૯
૮
૭
૬
૫
૪
૩
૨
૧
ઉર્ધ્વ લોક
૪ પાથડા
૪ પાથડા
૯ ગ્રૈવેયકના ૯ પ્રતર
આકાશ (વાયુ)
ઘનોદધિ
ઘનવા
ઘનવા
૪ પાથડા
૫ પાથડા
૬ પાથડા
૯ લોકાંતિક
૧૨ પાથડા
૩ કિલ્વિષી
૧૩ પાથડા
ઘનોદધિ
અનંત અલોકાકાશ
મધ્યલોક
(તિર્ચ્છાલોક)
(૧૮૦૦ યો. ઊંચો)
૧૦, જૃંભક
મેરુ પર્વત
ચર-અચર જ્યોતિષ ચક્ર
અસંખ્ય દ્વીપ-સમુદ્રો
નરક-૧ (રત્નપ્રભા)
અધો લોક
૧૫, વાણવ્યંતર
૧૦, ભવનપતિ
૧૫, પરમાધામી
નરક-૨ (શર્કરાપ્રભા)
નરક-૩ (વાલુકાપ્રભા)
નરક-૪ (પંકપ્રભા)
આકાશ (વાયુ)
અસંખ્ય યોજન
નરક-૫ (ધૂમપ્રભા)
ઘનોદધિ
ઘનવાત
તનવાત
નરક-૬ (તમઃપ્રભા)
નરક-૭ (તમઃતમઃપ્રભા)
સ્થાવરનાડી
અનંત અલોકાકાશ
અલોક
ત્રસનાડી
અલોક
૧ રાજુ પહોળી - ૧૪ રાજુ ઊંચી

# વિભાગ - 3 તત્વ તથા સંસ્કાર વિભાગ

## પાંત્રીસ બોલ



### ❖ પહેલે બોલે - ગતિ ચાર

ગતિ એટલે ગમન કરવું


1. નરક, 2. તિર્યંચ,
3. મનુષ્ય, 4. દેવતા.



### ❖ બીજે બોલે - જાતિ પાંચ

જીવોના જુદા જુદા વિભાગને જાતિ કહે છે. જાતિ નામકર્મથી એકેન્દ્રિય આદિપણું મળે છે.

1. એકેન્દ્રિય જાતિ 2. બેઇન્દ્રિય જાતિ
3. તેઇન્દ્રિય જાતિ 4. ચૌરેન્દ્રિય જાતિ
5. પંચેન્દ્રિય જાતિ.



### ❖ ત્રીજે બોલે - કાય છ

કાય એટલે શરીર અથવા સમૂહ

1. પૃથ્વીકાય, 2. અપકાય,
3. તેઉકાય, 4. વાઉકાય,
5. વનસ્પતિકાય, 6. ત્રસકાય.

### ❖ ચોથે બોલે – ઇન્દ્રિય પાંચ

રૂપી પદાર્થોને આંશિક રીતે જાણવામાં સહાયભૂત થાય, તેને ઇન્દ્રિય કહે છે. એકેક ઇન્દ્રિયો શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ આ એકેક વિષયને ગ્રહણ કરે છે.



1. શ્રોત્રેન્દ્રિય, 2. ચક્ષુરિન્દ્રિય,
3. ઘ્રાણેન્દ્રિય, 4. રસનેન્દ્રિય,
5. સ્પર્શનેન્દ્રિય.

**❖ પાંચમે બોલે - પર્યાપ્તિ છ**

જીવની પૌદ્‌ગલિક શક્તિ, જેના દ્વારા જીવ આહારાદિનાં પુદ્‌ગલોને શરીર, ઇન્દ્રિય આદિ રૂપમાં બદલાવવાની ક્રિયા પૂર્ણ કરે તેને પર્યાપ્તિ કહે છે અને તેની અપૂર્ણતાને અપર્યાપ્તિ કહે છે. જે જીવને જેટલી પર્યાપ્તિ બાંધવાની હોય, તેટલી પૂરેપૂરી બાંધી ન લે, ત્યાં સુધી તેને અપર્યાપ્તો કહે છે. જ્યારે જેટલી પર્યાપ્તિ મળવાની હોય તેટલી પર્યાપ્તિ પૂર્ણ બાંધી લે, ત્યાર પછી તેને પર્યાપ્તો કહેવાય છે.

1. આહાર, 2. શરીર, 3. ઇન્દ્રિય,
4. શ્વાસોચ્છ્વાસ, 5. ભાષા, 6. મન.

**❖ છટ્ઠે બોલેઃ પ્રાણ દશઃ**

પ્રાણ એટલે જેના સંયોગે સંસારી જીવોને શ્રોત (સાંભળવું, જોવું) આદિ ક્રિયા થાય છે. પ્રાણ = જીવનશક્તિ - જેના વડે જીવ જીવે છે - તેને પ્રાણ કહેવાય છે.

**પ્રાણ 10 પ્રકારના છે**

1. શ્રોત્રેન્દ્રિય બલપ્રાણ 2. ચક્ષુરિન્દ્રિય બલપ્રાણ
3. ઘ્રાણેન્દ્રિય બલપ્રાણ 4. રસનેન્દ્રિય બલપ્રાણ
5. સ્પર્શનેન્દ્રિય બલપ્રાણ 6. મન બલપ્રાણ
7. વચન બલપ્રાણ 8. કાય બલપ્રાણ
9. શ્વાસોચ્છ્વાસ બલપ્રાણ 10. આયુષ્ય બલપ્રાણ.

**❖ સાતમે બોલેઃ શરીર પાંચઃ**

શીર્યતે ઇતિ શરીર - જે શીર્ણ-વિશીર્ણ - નાશ થવાના સ્વભાવવાળું છે, તેને શરીર કહે છે. સંસારી જીવને રહેવાનું સ્થાન, તે શરીર છે.

1. ઔદારિક, 2. વૈક્રિય, 3. આહારક,
4. તૈજસ, 5. કાર્મણ

**❖ આઠમે બોલેઃ યોગ પંદરઃ**

યોગ એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ, વ્યાપાર.

મનના 4, વચનના 4, કાયાના 7 - એમ કુલ 15 યોગ છે.

1. સત્ય મનયોગ, 2. અસત્ય મનયોગ,

3. મિશ્ર મનયોગ,
4. વ્યવહાર મનયોગ,
5. સત્ય વચનયોગ,
6. અસત્ય વચનયોગ,
7. મિશ્ર વચનયોગ,
8. વ્યવહાર વચનયોગ,
9. ઔદારિક શરીર કાયયોગ,
10. ઔદારિક શરીર મિશ્ર કાયયોગ,
11. વૈક્રિય શરીર કાયયોગ,
12. વૈક્રિય શરીર મિશ્ર કાયયોગ,
13. આહારક શરીર કાયયોગ,
14. આહારક શરીર મિશ્ર કાયયોગ,
15. કાર્મણ કાયયોગ.

**❖ નવમે બોલેઃ ઉપયોગ 12ઃ**

જ્ઞાન, દર્શનમાં આત્માની પ્રવૃત્તિને ઉપયોગ કહે છે.

જ્ઞાન - જેનાથી વસ્તુને વિશેષ રૂપે જાણવી તે.

દર્શન - જેનાથી વસ્તુના સામાન્ય સ્વરૂપને જોવું તે.

1. મતિજ્ઞાન,
2. શ્રુતજ્ઞાન,
3. અવધિજ્ઞાન,
4. મનઃપર્યવજ્ઞાન,
5. કેવળજ્ઞાન,
6. મતિઅજ્ઞાન,
7. શ્રુતઅજ્ઞાન,
8. વિભંગજ્ઞાન,
9. ચક્ષુદર્શન,
10. અચક્ષુદર્શન,
11. અવધિદર્શન,
12. કેવળદર્શન.

વસ્તુને યથાર્થ સ્વરૂપે જાણે તે જ્ઞાન. વસ્તુને ઓછાં, અધિક કે વિપરીત સ્વરૂપે જાણે તે અજ્ઞાન. મિથ્યાદ્રષ્ટિના બોધને અજ્ઞાન અને સમ્યગ્ દ્રષ્ટિના બોધને જ્ઞાન કહેવાય છે.

**❖ દશમે બોલેઃ કર્મ આઠઃ**

મિથ્યાત્ત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગના કારણે જીવ સાથે જે બંધાય છે તેને કર્મ કહે છે.

1. જ્ઞાનાવરણીય,
2. દર્શનાવરણીય,
3. વેદનીય,
4. મોહનીય,
5. આયુષ્ય,
6. નામ,
7. ગોત્ર,
8. અંતરાય.

**❖ અગિયારમે બોલેઃ ગુણસ્થાન 14ઃ**

મોહ અને યોગના કારણે આત્માની જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ગુણોની

તરતમતા (ઓછી, વધુ) વાળી અવસ્થાને ગુણસ્થાન કહે છે.

| | |
|---|---|
| 1. મિથ્યાત્ત્વ, | 2. સાસ્વાદન, |
| 3. મિશ્ર, | 4. અવિરતિ સમ્યગ્ દ્રષ્ટિ, |
| 5. દેશવિરતિ (શ્રાવક), | 6. પ્રમત્ત સંજતિ (સાધુ), |
| 7. અપ્રમત્ત સંજતિ, | 8. નિવૃત્તિ બાદર, |
| 9. અનિવૃત્તિ બાદર, | 10. સૂક્ષ્મ સંપરાય, |
| 11. ઉપશાંત મોહનીય, | 12. ક્ષીણ મોહનીય, |
| 13. સયોગી કેવળી, | 14. અયોગી કેવળી. |

**❖ બારમે બોલેઃ પાંચ ઇન્દ્રિયના વિષય 23ઃ**

આત્મા જે જે ઇન્દ્રિયો દ્વારા જે જે પદાર્થોને ગ્રહણ કરે છે, તેને તે ઇન્દ્રિયોના વિષયો કહે છે.

શ્રોત્રેન્દ્રિયના 3 વિષયઃ જીવ શબ્દ, અજીવ શબ્દ, મિશ્ર શબ્દ.

ચક્ષુરિન્દ્રિયના 5 વિષય - કાળો, નીલો, લાલ, પીળો, સફેદ.

ઘ્રાણેન્દ્રિયના 2 વિષય - સુરભિગંધ, દુરભિગંધ.

રસનેન્દ્રિયના 5 વિષય - તીખો, કડવો, કસાયેલો (તૂરો), ખાટો, મીઠો.

સ્પર્શનેન્દ્રિયના 8 વિષય - સુંવાળો, ખરબચડો, હલકો, ભારે, ઉષ્ણ, શીત, લૂખો (રૂક્ષ), ચોપડ્યો (સ્નિગ્ધ).

**❖ તેરમે બોલેઃ પચ્ચીસ પ્રકારનું મિથ્યાત્ત્વઃ (પ્રતિક્રમણની પુસ્તક પ્રમાણે)**

**❖ ચૌદમે બોલેઃ નવ તત્ત્વના જાણપણાના 115 બોલઃ**

તત્ત્વ એટલે જેનું સદાકાળ હોવાપણું છે તે. નવ તત્ત્વ આ પ્રમાણે....

| | | |
|---|---|---|
| 1. જીવ | 2. અજીવ | 3. પુણ્ય |
| 4. પાપ | 5. આશ્રવ | 6. સંવર |
| 7. નિર્જરા | 8. બંધ | 9. મોક્ષ |

નવ તત્ત્વનો સારાંશમાં વિસ્તાર આ પ્રમાણે....

**જીવના 14 ભેદઃ** સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય. તે સાતના અપર્યાપ્તા અને પર્યાપ્તા,

સર્વ મળીને 7x2 = 14.

**અજીવના 14 ભેદઃ** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ ત્રણેના સ્કંધ, દેશ, પ્રદેશ એમ 9 તથા 10 મો ભેદ કાળ. પુદ્‌ગલના - સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ ને પરમાણુ એ 4 મળીને 14 ભેદ.

**પુણ્યના 9 ભેદઃ** 1. અન્ન પુન્ને, 2. પાણ પુન્ને, 3. લયણ પુન્ને, 4. સયણ પુન્ને, 5. વત્થ પુન્ને, 6. મન પુન્ને, 7. વચન પુન્ને, 8. કાય પુન્ને, 9. નમસ્કાર પુન્ને.

**પાપનાં 18 ભેદઃ** તે અઢાર પાપ સ્થાનક. (પ્રતિક્રમણની પુસ્તક પ્રમાણે)

**આશ્રવના 20 ભેદઃ** 1. મિથ્યાત્ત્વ, 2. અવ્રત, 3. પ્રમાદ, 4. કષાય, 5. અશુભયોગ, 6. પ્રાણાતિપાત, 7. મૃષાવાદ, 8. અદત્તાદાન, 9. મૈથુન, 10. પરિગ્રહ, 11. શ્રોત્રેન્દ્રિય, 12. ચક્ષુરિન્દ્રિય, 13. ઘ્રાણેન્દ્રિય, 14. રસનેન્દ્રિય, 15. સ્પર્શનેન્દ્રિય, 16. મન, 17. વચન, 18. કાયા તે 8 ને (11 થી 18) controlમાં ન રાખવા, મોકળા મૂકવા 19. ભંડ ઉપકરણની અયત્ના કરે, 20. શુચિ કુસગ્ગ કરે. અર્થાત્ સોયના અગ્રભાગ (અલ્પમાં અલ્પ) જેટલી પણ જીવહિંસા કરે.

**સંવરના 20 ભેદઃ** 1. સમકિત, 2. પ્રત્યાખ્યાન, 3. અપ્રમાદ, 4. અકષાય, 5. શુભયોગ, 6. જીવદયા, 7. સત્ય વચન, 8. અદત્તાદાન ત્યાગ, 9. બ્રહ્મચર્ય, 10. અપરિગ્રહ, 11 થી 18 પાંચ ઇન્દ્રિય અને ત્રણ યોગનું સંવરવું, અર્થાત્ તેને Controlમાં રાખવા. 19. ભંડ ઉપકરણની યત્ના કરે, 20. શુચિ કુસગ્ગ ન કરે. જીવની દયા પાળે.

**નિર્જરાના 12 ભેદઃ** 1. અણસણ, 2. ઉણોદરી, 3. વૃત્તિસંક્ષેપ, 4. રસપરિત્યાગ, 5. કાયક્લેશ, 6. પ્રતિસંલીનતા, 7. પ્રાયશ્ચિત, 8. વિનય, 9. વૈયાવચ્ચ, 10. સજ્ઝાય, 11. ધ્યાન, 12. કાઉસ્સગ્ગ.

**બંધના 4 ભેદઃ** 1. પ્રકૃતિ બંધ, 2. સ્થિતિ બંધ, 3. અનુભાગ બંધ, 4. પ્રદેશ બંધ.

**મોક્ષમાર્ગના 4 ભેદઃ** 1. જ્ઞાન, 2. દર્શન, 3. ચારિત્ર, 4. તપ.

## ❖ પંદરમે બોલે: આત્મા 8:

આત્મા જે જે ગુણોમાં કે અવગુણોમાં પ્રવર્તે, તે તે ગુણોના નામથી આત્મા ઓળખાય છે. જેમ કે - જ્યારે કષાય ભાવમાં હોય, ત્યારે કષાય આત્મા. એમ આઠે આત્મા માટે સમજવું.


1. દ્રવ્ય આત્મા, 2. કષાય આત્મા, 3. યોગ આત્મા,
4. ઉપયોગ આત્મા, 5. જ્ઞાન આત્મા, 6. દર્શન આત્મા,
7. ચારિત્ર આત્મા, 8. વીર્ય આત્મા.

## ❖ સોળમે બોલે: દંડક 24:

જ્યાં જીવ ઉત્પન્ન થઇને કર્મનો દંડ ભોગવે તેને દંડક કહે છે.

સાત નરકનો 1 દંડક; 10 ભવનપતિના 10 દંડક (અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર), 5 સ્થાવરના 5 (પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય), 3 વિકલેન્દ્રિયના 3 (બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય) 1. તિર્યંચ પંચેન્દ્રિયનો, 1 મનુષ્યનો, 1 વાણવ્યંતર દેવનો, 1 જ્યોતિષી દેવનો, 1 વૈમાનિક દેવનો. કુલ 24

## ❖ સત્તરમે બોલે: લેશ્યા છ:



કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્‌ભવતા આત્માના શુભ-અશુભ પરિણામને લેશ્યા કહે છે. છ લેશ્યામાં પ્રથમ ત્રણ અપ્રશસ્ત (અશુભ) અને પાછળની ત્રણ પ્રશસ્ત (શુભ) છે.

1. કૃષ્ણ લેશ્યા, 2. નીલ લેશ્યા,
3. કાપોત લેશ્યા, 4. તેજો લેશ્યા,
5. પદ્મ લેશ્યા, 6. શુક્લ લેશ્યા.

## ❖ અઢારમે બોલે: દ્રષ્ટિ ત્રણ:

તત્ત્વ વિચારણાની પદ્ધતિને દ્રષ્ટિ કહે છે.

1. સમકિત દ્રષ્ટિ, 2. મિથ્યાત્ત્વ દ્રષ્ટિ, 3. મિશ્ર દ્રષ્ટિ.

### ❖ ઓગણીસમે બોલેઃ ધ્યાન ચારઃ

કોઇપણ એક જ વિષય ઉપર મનની એકાગ્રતા કરવી તેનું નામ ધ્યાન છે.

1. આર્તધ્યાન, 2. રૌદ્રધ્યાન, 3. ધર્મધ્યાન, 4. શુક્લધ્યાન.

### ❖ વીસમે બોલેઃ છ દ્રવ્યના ત્રીસ બોલઃ

જે સદાકાળ રહે છે, જેમાં અનંત ગુણ અને અનંત પર્યાયો હોય તેને દ્રવ્ય કહે છે.

પ્રદેશોના સમૂહને અસ્તિકાય કહે છે. છ દ્રવ્યોમાં કાળ દ્રવ્ય સિવાયના પાંચ દ્રવ્યો પ્રદેશોના સમૂહરૂપ છે, તેથી તે અસ્તિકાય રૂપ છે. કાળ દ્રવ્ય અસ્તિ રૂપ છે પરંતુ તે પ્રદેશોના સમૂહરૂપ નથી, તેથી તે અસ્તિકાય રૂપ નથી.

1. ધર્માસ્તિકાય, 2. અધર્માસ્તિકાય, 3. આકાશાસ્તિકાય
4. જીવાસ્તિકાય 5. પુદ્ગલાસ્તિકાય 6. કાળ

**ધર્માસ્તિકાયના** પાંચઃ દ્રવ્યથી - એક, ક્ષેત્રથી - લોક પ્રમાણે, કાળથી-અનાદિઅનંત, ભાવથી - અરૂપી, ગુણથી - ચલણસહાય.

જીવ અને પુદ્ગલ જેના વડે ગતિ કરી શકે તે ધર્માસ્તિકાય. દા.ત. જેમ માછલી પોતાની મેળે ચાલી શકે છે, પણ પાણી તેની ગતિમાં સહાયક થાય છે.

**અધર્માસ્તિકાયના** પાંચઃ દ્રવ્યથી - એક, ક્ષેત્રથી - લોક પ્રમાણે, કાળથી-અનાદિઅનંત, ભાવથી - અરૂપી, ગુણથી - સ્થિર સહાય.

જીવ અને પુદ્ગલ જેના વડે સ્થિર થઈ શકે તે અધર્માસ્તિકાય. દા.ત. જેમ થાકેલા મુસાફરને વૃક્ષની છાયાં સ્થિર થવામાં ઉપકારક નીવડે છે.

**આકાશાસ્તિકાયનાં** પાંચ : દ્રવ્યથી - એક, ક્ષેત્રથી - લોકાલોક પ્રમાણે, કાળથી - અનાદિ અનંત, ભાવથી - અરૂપી, ગુણથી - અવગાહનાદાન (જગ્યા આપવી)

જે બધાં દ્રવ્યોને ખાલી જગ્યા (આકાશ) આપે તે આકાશાસ્તિકાય. દા.ત. જેમ નક્કર દીવાલમાં ખીલી નાંખતાં અંદર પ્રવેશી જાય છે.

**જીવાસ્તિકાયનાં** પાંચઃ દ્રવ્યથી - અનંત, ક્ષેત્રથી - લોક પ્રમાણે, કાળથી-અનાદિ અનંત, ભાવથી - અરૂપી, ગુણથી - ચૈતન્યગુણ.

જેનામાં ચેતના છે તે જીવ.

**પુદ્ગલાસ્તિકાયનાં** પાંચ : દ્રવ્યથી - અનંત, ક્ષેત્રથી - લોક પ્રમાણે, કાળથી-અનાદિ અનંત, ભાવથી - રૂપી, ગુણથી - ગળે ને મળે. (સડન, પડન, વિધ્વંસન.)

જેનો સ્વભાવ સડન, પડન, વિધ્વંસન છે, તેવા જડ પદાર્થો.

**કાળના** પાંચ : દ્રવ્યથી - અનંત, ક્ષેત્રથી - અઢીદ્વીપ પ્રમાણ, કાળથી- અનાદિઅનંત, ભાવથી - અરૂપી, ગુણથી – વર્તવું (નવાને જૂનું કરે જુના ને નવું કરે, કાળ વર્તે છે એટલે આ ક્રિયા થાય છે.)

જેનાથી નવા- જૂનાની ઓળખ થાય છે. સૂર્ય અને ચંદ્રની ગતિથી કાળ (દિવસ, રાત્રિ વગેરે) માપવામાં આવે છે.

❖ **એકવીસમે બોલે : રાશિ બે.**

તે તે પ્રકારના પદાર્થના સમૂહને રાશિ કહે છે.

1. જીવ રાશિ, 2. અજીવ રાશિ.

❖ **બાવીસમે બોલે : શ્રાવકનાં વ્રત 12 તેના ભાંગા - વિકલ્પ 49.**

શ્રાવક 49 પ્રકારના વિકલ્પોમાંથી કોઈ પણ પ્રકારે વ્રતો ધારણ કરી શકે.

❖ **ત્રેવીસમે બોલે : સાધુના પાંચ મહાવ્રત. તેના ભાંગા 252**

સાધુ 252 પ્રકારે મહાવ્રતોને ધારણ કરે.

❖ **ચોવીસમે બોલે : પ્રમાણ ચાર.**

જેનાથી અર્થ, પદાર્થ જાણી શકાય તેને પ્રમાણ કહે છે.

1. પ્રત્યક્ષ 2. અનુમાન
3. આગમ 4. ઉપમાન.

❖ **પચ્ચીસમે બોલે : ચારિત્ર પાંચ :**

ચારિત્ર એટલે જે આવતાં કર્મોને રોકે, તે ચારિત્ર અથવા સંયમરૂપ આચરણ તે ચારિત્ર.

1. સામાયિક ચારિત્ર, 2. છેદોપસ્થાપનીય ચારિત્ર,
3. પરિહાર વિશુદ્ધ ચારિત્ર, 4. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર,
5. યથાખ્યાત ચારિત્ર.

❖ **છવ્વીસમે બોલે : સાત નય :**

પ્રત્યેક પદાર્થના અનંત ગુણધર્મ હોય છે. અનંત ગુણધર્મમાંથી અન્ય ગુણ ધર્મોને ગૌણ કરીને એક ગુણને જાણવો.

1. નૈગમનય, 2. સંગ્રહનય, 3. વ્યવહાર નય,
4. ઋજુસૂત્રનય, 5. શબ્દનય, 6. સમાભિરૂઢનય,
7. એવંભૂતનય.

**❖ સત્તાવીશમે બોલે : નિક્ષેપ ચાર :**

વસ્તુને સમજવા માટેનો દ્રષ્ટિકોણ નિક્ષેપ છે.

1. નામ, 2. સ્થાપના, 3. દ્રવ્ય, 4.ભાવ.

**❖ અઠ્ઠાવીસમે બોલે : સમકિત પાંચ :**

સુદેવ, સુગુરુ અને તેમના દ્વારા પ્રરૂપિત નવ તત્ત્વ આદિ સુધર્મ પ્રત્યે યથાર્થ શ્રદ્ધા કરવી તે સમક્તિ છે.

1.ઉપશમ સમકિત, 2. ક્ષયોપશમ સમકિત, 3. ક્ષાયિક સમકિત,
4. સાસ્વાદન સમક્તિ, 5. વેદક સમક્તિ.

**❖ ઓગણત્રીસમે બોલેઃ રસ નવ**

જેમાં આપણે ઓતપ્રોત થઇ જઇએ કે એકમેક થઇ જઇએ તેને રસ કહે છે.

1. શૃંગારરસ, 2. વીરરસ, 3. કરુણરસ,
4. હાસ્યરસ, 5. રૌદ્રરસ, 6. ભયાનક રસ,
7. અદ્‌ભૂતરસ, 8. બિભત્સ રસ, 9. શાંતરસ.

**❖ ત્રીસમે બોલેઃ ભાવના બારઃ**

આત્માના પ્રશસ્ત (સારા) વૈરાગ્ય પ્રેરક ભાવોને ભાવના કહે છે.

1. અનિત્ય ભાવના, 2. અશરણ ભાવના, 3. સંસાર ભાવના,
4. એકત્વ ભાવના, 5. અન્યત્વ ભાવના, 6. અશુચિ ભાવના,
7. આશ્રવ ભાવના, 8. સંવર ભાવના, 9. નિર્જરા ભાવના,
10. લોકસ્વરૂપ ભાવના, 11. બોધિ ભાવના, 12. ધર્મ ભાવના.

**❖ એકત્રીસમે બોલેઃ અનુયોગ ચારઃ**

વસ્તુનાં વિશેષ સ્પષ્ટીકરણને અનુયોગ કહે છે.

1. દ્રવ્યાનુયોગ, 2. ગણિતાનુયોગ,
3. ચરણકરણાનુયોગ, 4. ધર્મકથાનુયોગ.

❖ **બત્રીસમે બોલેઃ તત્ત્વ ત્રણઃ**

1. દેવ, 2. ગુરુ 3. ધર્મ.

❖ **તેત્રીસમે બોલેઃ સમવાય પાંચઃ**

જેના સમન્વયથી કાર્ય થાય તે સમવાય છે.

1. કાળ, 2. સ્વભાવ,
3. નિયતિ, 4. કર્મ (પૂર્વકૃત),
5. પુરુષાર્થ- પુરુષાકાર (ઉદ્યમ).

❖ **ચોત્રીસમે બોલેઃ પાખંડીના 363 ભેદઃ**

મોક્ષમાર્ગને વીતરાગ વાણીથી ઓછું, અધિક અને વિપરીત માને તેને પાખંડી કહેવાય.

1. ક્રિયાવાદીના 180, 2. અક્રિયાવાદીના 84,
3. વિનયવાદીના 32, 4. અજ્ઞાનવાદીના 67.

❖ **પાંત્રીસમે બોલેઃ શ્રાવકના 21 ગુણઃ**

શ્રાવક પર્યાયને પ્રાપ્ત કરવા જે જે વિશિષ્ટ આચરણ પ્રગટ કરવા પડે અથવા શ્રાવકોમાં સહજતાથી પ્રગટ થાય, તેને ગુણ કહે છે.

1. અક્ષુદ્ર, 2. યશવંત, 3. સૌમ્ય પ્રકૃતિવાળો,
4. લોકપ્રિય, 5. અક્રૂર, 6. પાપભીરુ,
7. શ્રદ્ધાવંત, 8. ચતુરાઇયુક્ત, 9. લજ્જાવાન,
10. દયાવંત, 11. માધ્યસ્થ દ્રષ્ટિ, 12. ગંભીર,
13. ગુણાનુરાગી, 14. ધર્મોપદેશ કરનાર, 15. ન્યાયપક્ષી,
16. શુદ્ધ વિચારક, 17. મર્યાદાયુક્ત વ્યવહાર કરનાર,
18. વિનયશીલ, 19. કૃતજ્ઞ,
20. પરોપકારી, 21. સત્કાર્યમાં સાવધાન.

# છ કાયના બોલ

છ કાય - 1. પૃથ્વીકાય, 2. અપકાય, 3. તેઉકાય, 4. વાઉકાય,
5. વનસ્પતિકાય, 6. ત્રસકાય.

કાય એટલે સમૂહ અથવા શરીર. એક જ પ્રકારના જીવોના સમૂહને કાય કહે છે.

**1. પૃથ્વીકાય**

**પૃથ્વીકાયના બે ભેદઃ**

1. સૂક્ષ્મ, 2. બાદર.

તે બંનેના 1. અપર્યાપ્તા અને 2. પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ.



સૂક્ષ્મ તે આખા લોકમાં ભર્યા છે. હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, અગ્નિમાં બળે નહિ, પાણીમાં ડૂબે નહિ, નજરે દેખાય નહિ, બે ભાગ થાય નહિ, ફક્ત જ્ઞાની જ જાણે અને દેખે, તેને સૂક્ષ્મ કહીએ.

બાદર તે લોકના દેશ (અમુક) ભાગમાં ભર્યા છે. હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડૂબે, નજરે દેખાય અથવા ન પણ દેખાય, તેને બાદર કહીએ.

બાદર પૃથ્વીનાં નામઃ 1. કાળી, પીળી, લાલ વગેરે રંગની માટી, 2. મીઠું, 3. રૂપા, સોનાની ખાણ, 4. અબરખ, લોઢું, હીરાની ખાણ, 5. પારો, 6. પથ્થર, શિલા, 7. ગેરુ, ચંદન, સ્ફટિક આદિ રત્ન ઇત્યાદિ ઘણી જાતની પૃથ્વીકાય છે. તે પૃથ્વીકાયના એક કટકામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. અસત્ કલ્પનાથી.... જુવારના દાણા જેટલી પૃથ્વીકાય લઇએ અને તેમાંથી એક એક જીવ નીકળી પારેવા જેવડી કાયા કરે, તો એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે. તેમાં તે જીવો સમાય નહિ તેટલા જીવો હોય છે. એક પર્યાપ્તાની નેશ્રાએ અસંખ્યાતા જીવો અપર્યાપ્ત છે. પૃથ્વીકાયનું (પૃથ્વીકાયના એક જીવનું) આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ 22,000 વર્ષનું છે. કુળ 12 લાખ ક્રોડ છે. (કુળ એટલે તે તે યોનિમાં તેટલાં તેટલાં પ્રકારના જીવો ઉપજે. દાખલા તરીકે પૃથ્વીકાયની સાત લાખ યોનિ છે. તેમાં બાર લાખ કરોડ પ્રકારના જીવો ઉત્પન્ન થાય.) તેનું સંસ્થાન (આકાર)

મસૂરની દાળ જેવું છે. વર્ણ પીળો છે.

**2. અપકાય**



અપકાય (પાણી) ના બે ભેદ- સૂક્ષ્મ અને બાદર.

તે બંનેના 1. અપર્યાપ્તા અને 2. પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ.

બાદર પાણીનાં નામઃ 1. વરસાદ અને કરાનાં પાણી, 2. ઝાકળ અને ધુમ્મસનાં પાણી, 3. કૂવા, નદી અને તળાવનાં પાણી, 4. દરિયા અને ઝરણાંનાં પાણી, 5. ખારાં અને ખાટાં પાણી, 6. મીઠાં અને મોળાં પાણી ઇત્યાદિ ઘણી જાતનાં પાણી છે. તેના એક એક બિંદુમાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એક એક જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ યોજનનો જમ્બૂદ્વીપ છે, તેમાં તે જીવો સમાય નહિ. એક પર્યાપ્તાની નેશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ 7000 વર્ષનું છે. તેનાં કુળ 7 લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન પાણીના પરપોટા જેવું છે. વર્ણ લાલ (રાતો) છે.

**3. તેઉકાય**



તેઉકાય (અગ્નિ) ના બે ભેદ - સૂક્ષ્મ અને બાદર.

તે બંનેનાં 1. અપર્યાપ્તા અને 2. પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ. બાદર તેઉકાય ફક્ત અઢી દ્વીપમાં છે.

બાદર અગ્નિનાં નામઃ 1. ચૂલા અને ભઠ્ઠીનો અગ્નિ, 2. તાપણીનો અગ્નિ, 3. ચકમક અને વીજળીનો અગ્નિ, 4. દીવાનો અગ્નિ, 5. ધગધગતા લોઢાનો અગ્નિ, 6. દાવાનળનો અગ્નિ... તે ઉપરાંત અગ્નિના ઘણા ભેદ છે. અગ્નિના એક તણખામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેમાંથી એકેકા જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ યોજનનો જંબુદ્વીપ છે તેમાં તે જીવો સમાય નહિ. એક પર્યાપ્તની નેશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિનું છે. તેના કુળ 3 લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન

સોયના ભારા જેવું છે. વર્ણ સફેદ છે.

**4. વાઉકાય**



વાઉકાયના બે ભેદ- સૂક્ષ્મ અને બાદર.

તે બંનેના 1. અપર્યાપ્તા અને 2. પર્યાપ્તા એમ કુલ ચાર ભેદ.

બાદર વાયરાનાં નામઃ 1. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાનો વાયરો, 2. ઊંચી, નીચી અને તિર્છી દિશાનો વાયરો, 3. વંટોળિયો અને ચક્રવાતવાયરો, 4. ઘન (જાડો) અને તન (પાતળો) વાયરો, 5. શુદ્ધ વાયરો. એ ઉપરાંત વાયુકાયના ઘણા ભેદ છે. તે વાયુકાયના એક વખત ફરકવામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યાં છે. તેમાંથી એક એક જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે, તો એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે, તેમાં તે જીવો સમાય નહિ. એક પર્યાપ્તાની નેશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા છે.

તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કષ્ટ 3000 વર્ષનું છે. તેનાં કુળ 7 લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન ધ્વજા પતાકા જેવું છે. વર્ણ નીલો છે.

**5. વનસ્પતિકાય**



વનસ્પતિકાયના બે ભેદ - સૂક્ષ્મ અને બાદર. તેમાં બાદર વનસ્પતિના બે ભેદ - પ્રત્યેક અને સાધારણ. સૂક્ષ્મ, પ્રત્યેક અને સાધારણ એ ત્રણેનાં અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી વનસ્પતિકાયના 6 ભેદ. સૂક્ષ્મ વનસ્પતિના જીવો સાધારણ જ હોય છે.

જે વનસ્પતિમાં એક શરીરે એક જીવ હોય, તેને પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે. પ્રત્યેક વનસ્પતિનાં નામઃ 1. આમળા, કેરી, જામફળ, સીતાફળ, દાડમ વગેરે ફળ. 2. રીંગણા, ગુવાર, વટાણા વગેરે શાક, 3. ગુલાબ, જૂઇ, કેતકી વગેરે ફૂલ, 4. અશોકલતા અને પદ્મલતા વગેરે લતા, 5. દૂધી, તૂરિયા, કારેલા વગેરેના વેલા, 6. શેરડી, નેતર, વાંસ વગેરે ગાંઠવાળાં ઝાડ, 7. નાળિયેરી, કેળાં વગેરે ઊંચાં ગોળ ઝાડ, 8. મેથી, તાંદળજો, સુવા વગેરેની ભાજી, 9. ઘઉં, જુવાર, બાજરી વગેરે ધાન્ય

(અનાજ) તથા મગ, મઠ, ચણા વગેરે કઠોળ, 10. શિગોડા, કમળ વગેરે જલવૃક્ષ, 11. બિલાડીના ટોપ... આદિ લઇને ઘણી જાતની પ્રત્યેક વનસ્પતિ છે.

સાધારણ એટલે જે વનસ્પતિમાં એક શરીરે અનંતા જીવ હોય તે.

સાધારણ વનસ્પતિનાં નામઃ 1. ડુંગળી, 2. લસણ, 3. બટેટા, 4. આદુ, 5. લીલી હળદર, 6. ગાજર, 7. મૂળા, 8. શક્કરિયા, 9. સૂરણ 10. બીટ, 11. ગરમર. આદિ સાધારણ વનસ્પતિના ઘણા ભેદ છે. કંદમૂળના એક કટકામાં શ્રી ભગવંતે અનંતા જીવ કહ્યા છે.

પ્રત્યેક વનસ્પતિનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ 10,000 વર્ષનું છે. સાધારણ વનસ્પતિનું આયુષ્ય જ અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનું છે. વનસ્પતિકાયનાં કુળ 28 લાખ ક્રોડ છે. તેનું સંસ્થાન વિવિધ પ્રકારનું છે. વર્ણ વિવિધ છે.

પૃથ્વીકાય આદિ પાંચે સ્થાવર જીવો એકેન્દ્રિય છે, તે જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે.

**6. ત્રસકાય**


તેના ચાર ભેદ છેઃ 1. બેઇન્દ્રિય, 2. તેઇન્દ્રિય, 3. ચૌરેન્દ્રિય, 4. પંચેન્દ્રિય.



**1. બેઇન્દ્રિયઃ** તેના બે ભેદ - અપર્યાપ્તા અને પર્યાપ્તા.

જેને સ્પર્શેન્દ્રિય (કાયા) અને રસનેન્દ્રિય (જીભ) હોય, તેને બેઇન્દ્રિય કહેવાય.

તેનાં નામઃ 1. જળો, 2. કીડા, 3. પોરા, 4. કરમિયાં, 5. સરમિયાં, 6. મામણમુંડા, 7.અળસિયાં, 8. વાંતરાં, 9. શંખ, 10. છીપ, 11. કોડાં, 12. ઇયળ આદિ લઇને ઘણી જાતના બેઇન્દ્રિય જીવ છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ બાર વર્ષનું. તેનાં કુળ સાત લાખ ક્રોડ છે.




**2. તેઇન્દ્રિયઃ** તેના બે ભેદ - અપર્યાપ્તા અને પર્યાપ્તા.

જેને સ્પર્શેન્દ્રિય (કાયા), રસનેન્દ્રિય (જીભ), ઘ્રાણેન્દ્રિય (નાક) હોય, તેને તેઇન્દ્રિય કહીએ.

તેના નામઃ 1. જૂ, 2. લીખ, 3. ચાંચડ, 4. માંકડ,

5. કીડી, 6. કંથવા, 7. માટલાં, 8. ધનેડાં, 9. જુવા, 10. ઇતરડી, 11. કાનખજૂરા, 12. ઘીમેલ, 13. ગધૈયા, 14. મંકોડા, 15. ઉધઇ આદિ.... ઘણી જાતના તેઇન્દ્રિય જીવ છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ 49 દિવસનું છે. તેનાં કુળ આઠ લાખ ક્રોડ છે.



**3. ચૌરેન્દ્રિય:** તેના બે ભેદ- અપર્યાપ્તા અને પર્યાપ્તા.

જેને સ્પર્શેન્દ્રિય (કાયા), રસનેન્દ્રિય (જીભ), ઘ્રાણેન્દ્રિય (નાક), ચક્ષુરિન્દ્રિય (આંખ) હોય, તેને ચૌરેન્દ્રિય કહીએ.

તેનાં નામ: 1. માખી, 2. ડાંસ, 3. મચ્છર, 4. ભમરા, 5. તીડ, 6. કરોળિયાં, 7. કંસારી, 8. વીંછી, આદિ.... ઘણી જાતના ચૌરેન્દ્રિય જીવ છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ છ માસનું. તેનાં કુળ નવ લાખ ક્રોડ છે.



**4. પંચેન્દ્રિય:** તેના ચાર ભેદ -

1. નારકી, 2. તિર્યંચ પંચેન્દ્રિય,
3. મનુષ્ય, 4. દેવ.

જેને સ્પર્શેન્દ્રિય (કાયા), રસનેન્દ્રિય (જીભ), ઘ્રાણેન્દ્રિય (નાક), ચક્ષુરિન્દ્રિય (આંખ), શ્રોત્રેન્દ્રિય (કાન) હોય, તેને પંચેન્દ્રિય કહીએ.

**1. નારકી:** નારકીના સાત ભેદ છે.

સાત નરકનાં નામ -

1. ઘમા, 2. વંશા, 3. શિલા, 4. અંજના,
5. રિષ્ટા, 6. મઘા, 7. માઘવતી.

સાત નરકનાં ગોત્ર -

1. રત્નપ્રભા, 2. શર્કરાપ્રભા, 3. વાલુકાપ્રભા, 4. પંકપ્રભા,
5. ધૂમપ્રભા, 6. તમ:પ્રભા, 7. તમ:તમ:પ્રભા.

સાત નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળીને નારકીના કુલ 14 ભેદ થાય. નારકીની સ્થિતિ જઘન્ય 10,000 વર્ષની, ઉત્કૃષ્ટ 33 સાગરોપમની. તેનાં કુળ

પચ્ચીસ લાખ ક્રોડ.

**2. તિર્યંચ:** તિર્યંચ પંચેન્દ્રિયના 20 ભેદ....

1. જળચર, 2. સ્થળચર, 3. ઉરપરિસર્પ,

4. ભુજપરિસર્પ, 5. ખેચર.

તે પાંચેના બે બે ભેદ છે. 1. ગર્ભજ, 2. સંમૂચ્છિર્મ, એમ કુલ 10 ભેદ. તે 10 ના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી કુલ 20 ભેદ.

1. જળચર: જે જળમાં (પાણીમાં) ચાલે તેને જળચર કહે છે. મગરમચ્છ, કાચબા, દેડકા વગેરે જળચરના ઘણા ભેદ છે.

2. સ્થળચર: જે જમીન પર ચાલે, તેને સ્થળચર કહે છે. ઘોડાં, ગધેડાં, ગાય, ભેંસ, હાથી, ગેંડા, વાઘ, સિંહ વગેરે સ્થળચરના ઘણા ભેદ છે.

3. ઉરપરિસર્પ: જે હૈયાભર ચાલે, પેટે ચાલે, તેને ઉરપરિસર્પ કહે છે. સાપ, અજગર, અશાલિયો વગેરે ઘણા ભેદ છે.

4. ભુજપરિસર્પ: જે ભુજાએ કરી ચાલે, તેને ભુજપરિસર્પ કહે છે. ઉંદર, ખિસકોલી, ગરોળી વગેરે ઘણા ભેદ છે.

5. ખેચર: જે આકાશે ઊડે, તેને ખેચર કહે છે. તે ચામાચીડિયાં, મોર, કબુતર, ચકલાં વગેરે ઘણા ભેદ છે.

ગર્ભજ તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની. સંમૂચ્છિર્મ તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ વર્ષની. તિર્યંચના કુળ સાડા ત્રેપનલાખ ક્રોડ છે.

**3. મનુષ્ય:** તેના બે ભેદ.

1. ગર્ભજ, 2. સંમૂચ્છિર્મ.

ગર્ભજ મનુષ્યના 202 ભેદ છે.....

1. 15 કર્મભૂમિના મનુષ્ય

2. 30 અકર્મભૂમિના મનુષ્ય

3. 56 અંતરદ્વીપના મનુષ્ય

એમ 101 ભેદ. તેના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી કુલ 202 ભેદ.

સંમૂચ્છિર્મ મનુષ્ય ના 101 ભેદ છે....

ઉપરના 101 મનુષ્યના ક્ષેત્રમાં મનુષ્યની 14 પ્રકારની અશુચિમાં ઉત્પન્ન થાય તે 101 સંમુચ્છિંમ મનુષ્યના અપર્યાપ્તા. એમ કુલ 303 ભેદ થાય.

ગર્ભજ મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની. સંમૂચ્છિંમ મનુષ્યની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની. સંમૂચ્છિંમ મનુષ્ય અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે છે

મનુષ્યનાં કુળ બાર લાખ ક્રોડ છે.

**4. દેવ :** દેવના ચાર ભેદ -


1. ભવનપતિ, 2. વાણવ્યંતર,
3. જ્યોતિષી, 4. વૈમાનિક.

તેમાં ભવનપતિનાં 25, વાણવ્યંતરના 26, જ્યોતિષીના 10, વૈમાનિકના 38 ભેદ.... એમ 99 ભેદ છે. તે 99 ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ દેવના કુલ 198 ભેદ થાય.

દેવની સ્થિતિ જઘન્ય 10,000 વર્ષની, ઉત્કૃષ્ટ 33 સાગરોપમની.

તેનાં કુળ 26 લાખ ક્રોડ છે.

લવણ સમુદ્રમાં
સ્થિત અંતરદ્વીપો



# છ કાયના જીવોની દયા

જૈન જીવનશૈલી, jain lifestyle અહિંસા પ્રધાન છે. એક શ્રાવકનું જીવન જયણા પૂર્વકનું હોય છે. શ્રાવક જીવદયા પ્રેમી હોય છે.

શ્રાવક પ્રથમ વિચાર જીવદયા અને જયણાનો કરે છે.

Day to day Lifeમાં, આપણા દૈનંદિન જીવનમાં આપણે કઈ-કઈ રીતે છ કાયના જીવોની દયા પાળી શકીએ તે વિચારીએ.

છ કાયમાંથી પ્રથમ પાંચને એક જ ઇન્દ્રિય... સ્પર્શેન્દ્રિય હોય છે.



- **પૃથ્વીકાયના જીવોની દયા અર્થે...**
- જમીન ખોદવી નહીં.
- ખોદેલી જમીન પર ચાલવું નહીં.
- સોના, ચાંદી, હીરા, રત્નોના દાગીના પહેરવા નહીં.
- કાચું મીઠું વાપરવું નહીં...વગેરે

- **અપકાય જીવોની દયા અર્થે...**
- પાણીના વપરાશ કરતાં વેડફાટ વધારે થાય છે. માટે, આપણે એ દિશામાં ધ્યાન રાખવું જોઈયે.
- પાણી જેટલું પીવું હોય તેટલું જ લેવું.
- Brush કરતાં સમયે, shaving કરતાં સમયે, હાથ ધોતાં સમયે નળ ચાલુ રાખવો નહીં. Basin પાસે મગ/ગ્લાસ રાખી શકાય. તેમાં પાણી ભરીને વાપરવું.
- ઓછામાં ઓછા પાણીથી ન્હાવું. આઠમ, પાખીના સ્નાનનો ત્યાગ, અઠવાડિયામાં 3/4 દિવસ સાબુનો ત્યાગ, shower, tub bath લેવાનહીં.
- ઘરના સેવકોને નળ slow ખોલવા, તેમ જ ઓછા પાણીથી કામ કેવી રીતે થાય. તેની training આપવી.
- મહેમાન આવે ત્યારે jug/bottle અને ખાલી glass trayમાં લઇને જવું અને જરૂર હોય તેટલું આપવું.

- નળ leak થતાં હોય તો તાત્કાલિક repair કરાવવા.
- Water tank over flow ન થાય તેનું ધ્યાન રાખવું.
- Rain dance, હોળીમાં ફૂગ્ગા, પીચકારી વગેરેથી રમવું નહીં. Water game રમવી નહીં.
- વરસાદમાં, ધોધમાં, દરીયામાં, નદીમાં, swimming pool માં ન્હાવું નહી. Boating કરવું નહીં.



- રસોડામાં પાણીનું વાસણ ભરીને રાખવું, તેમાંથી use કરવું. જેટલું પાણી reuse થઇ શકે તેટલું કરવું. વગેરે....

- **તેઉકાય જીવોની દયા અર્થે...**
- રસોઇ ઘરમાં સતત ગેસનો વપરાશ હોય છે. વારંવાર ગેસ ચાલુ કરવો નહીં.
- પોતાને જમવું હોય તો રસોઇ ગરમ કરવી નહીં.
- ફ્રીઝમાંથી દૂધ, શાકભાજી કે બીજી વસ્તુ, direct ગેસ પર ન મૂકવી. પહેલાં room temperature પર આવે પછી વાપરવી.
- પાણી, દૂધ વગેરે એમને એમ ઉકળ્યાં કરે નહીં તેનું ધ્યાન રાખવું.
- Candles, દિવા કરવા નહીં, ફટાકડા ફોડવા નહીં, હોળી પ્રગટાવવી નહીં, Bon-fire વગેરેમાં part ન લેવો. વગેરે...



- **વાયુકાય જીવોની દયા અર્થે...**
- ઉઘાડે મુખે બોલવાથી, તાળીઓ પાડવાથી, હિંચકે હિંચકવાથી, જોરથી કપડાં ઝાટકવાથી વાયુકાયના જીવોને પીડા થાય છે, માટે ધ્યાન રાખવું.
- પંખાનો સતત ઉપયોગ થતો હોય છે. તેને ઘટાડવા પ્રયાસ કરવો.



- A.C. ના કારણે બહાર ગરમ હવા ફેંકાય છે, તેથી વાયુકાયના જીવોની વિરાધના થાય છે, માટે તેનો ઉપયોગ ટાળવો.... વગેરે...

- **વનસ્પતિકાય જીવોની દયા અર્થે...**
- ઘાસ પર ચાલવું નહીં.
- ઘાસ પર party, રાસ ગરબા, games વગેરે arrange કરવા નહીં. તેમજ part લેવો નહીં.
- સાજ-શણગાર તેમજ ઘર કે office decoration માં ફૂલ-પાન વાપરવા નહીં.
- ઝાડ કાપવા નહીં.
- રસ્તામાં ફુલ-પાન પડ્યા હોય તો તેના પર ચાલવું નહીં.
- કાચા શાકભાજી, સલાડ ખાવા નહીં.
- પર્વતિથિએ લીલોતરીનો ત્યાગ કરવો.
- શાક ઉપર ચપ્પુ એમને એમ રાખી મૂકવા નહીં. વગેરે.




- **ત્રસકાય જીવોની દયા અર્થે...**
- જે જીવો હાલી ચાલી શકે છે, તેને ત્રસકાય કહે છે. બે ઈન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય સુધીના બધાં જીવો ત્રસકાયમાં આવે છે. નાના જીવજંતુ, પશુ, પક્ષી, મનુષ્ય બધાં જ ત્રસકાયમાં આવે છે. આપણે રોજરોજના જીવનમાં આ જીવોની સુરક્ષા કરવાની છે, દયા પાળવાની છે. કઈ રીતે કરી શકાય તે જાણીએ...
- હંમેશા નીચે તથા આજુબાજુ જોઇને ચાલવું, ઉઠવું, બેસવું.
- વસ્તુ લેતાં મૂકતાં જોઇને મૂકવી. નાના-નાના જીવજંતુની રક્ષા કરવી.
- ગેસ ચાલુ કરતાં પહેલાં પૂંજણીથી પૂંજીને બરાબર જોઇને પછી ચાલુ કરવો.
- રોજ સવારે પહેલાં આખા ઘરમાં અને bathroomમાંથી વાસી કચરો લેવો, ઝાડુ કાઢવું.
- જાળા ન થાય તે માટે દર બે દિવસે બધે ઝાડું ફેરવવું.
- ઘરમાં વાંદા, ગરોળી. કરોળિયા, માંકડ, કીડી, મચ્છર, ઉધઇ વગેરેની ઉત્પત્તિ અને હિંસા ન થાય તેના માટે સ્વચ્છતા રાખવી.
- Pest control કે ઝેરી દવા વાપરવી નહીં.
- ધાન્યમાં, અનાજમાં ધનેડાં, ઇયળ ન થાય તેનું ધ્યાન રાખવું. યોગ્ય રીતે સાફ



કરીને રાખવા.

- પોપટ, કૂતરા, બિલાડી પાળવા નહીં, ઘરમાં માછલી, કાચબા રાખવા નહીં.
- ગર્ભહત્યા કરવી નહીં, કરાવવી નહીં.
- કાર ચલાવતાં કૂતરા, બિલાડીને કે કોઇ વ્યક્તિને ટક્કર ન લાગે તેનું ધ્યાન રાખવું. અકસ્માત ન થાય તેનું ધ્યાન રાખવું.



- શાકભાજીમાં ઇયળ વગેરે કપાઇ ન જાય તેનું ધ્યાન રાખવું.
- ખાદ્ય પદાર્થો ફુગાઇ ન જાય તેનું ધ્યાન રાખવું.
- Silk, મોતીના દાગીના, leatherની વસ્તુ વાપરવી નહીં. જે બનાવવામાં હિંસા થતી હોય તેવા સૌંદર્ય પ્રસાધનો કે અન્ય પદાર્થો વાપરવા નહીં.

વગેરે... આ રીતે છ કાયના જીવોની દયા પાળી અનંતા પાપ કર્મોના બોજથી બચી શકીશું. તેમજ જીવદયાના ભાવથી શુભ પુણ્ય કર્મનો બંધ કરી શકીશું.

જૈન દર્શન સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્તર પર વિચારણા કરે છે. નાનામાં નાના જીવને પીડા ન થાય, તેનો જીવ ન હણાય તેનું ધ્યાન રાખે છે.

વૈજ્ઞાનિકો એ લાંબા સમયના સંશોધન પછી એક તારણ કાઢ્યું છે કે, એક નાનકડું પતંગિયું પાંખ ફફડાવે તો તેના vibration આખા વિશ્વમાં પહોંચે છે.


એને નામ આપ્યું છે - Butterfly effect

સૂક્ષ્મ જીવનું હલન-ચલન પણ પ્રકૃતિ પર અસર કરે છે. તો મનુષ્ય દ્વારા થતી જીવહિંસા પ્રકૃતિ પર કેટલી બધી અસર કરે !

એટલે જ આપણા ભગવાન મહાવીરે આ વાત સમજાવી. જીવદયા દ્વારા, જીવરક્ષા દ્વારા... સ્વરક્ષા, સર્વ રક્ષા અને વિશ્વ રક્ષા થાય છે. વિશ્વને સંતુલિત રાખવામાં જીવદયાનો મહત્વનો ફાળો છે.

## શુભ થાઓ આ સકલ વિશ્વનું

# વિભાગ - 4 ધર્મ અને વિજ્ઞાન વિભાગ



ભગવાન મહાવીરે 2600 વર્ષ પૂર્વે કેવળજ્ઞાન દ્વારા જીવ-અજીવના સર્વ ભાવોને જાણ્યા અને ઉપદેશ દ્વારા તે ભાવોને પ્રગટ કર્યા.

**પરમાત્માએ કહ્યું છે કે,** સર્વ જીવો ચૈતન્ય લક્ષણની અપેક્ષાએ, શક્તિની અપેક્ષાએ એક સમાન છે, પરંતુ સંસારી જીવોમાં તેના કર્મની અપેક્ષાએ ભિન્નતા છે. કેટલાક જીવો હલનચલન કરી શકે છે, કેટલાક જીવોમાં હલન-ચલન કરવાની પણ શક્તિ હોતી નથી. કેટલાક જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય અર્થાત્ તેનું માત્ર શરીર જ હોય, તેને આંખ, કાન, નાક કે જીભ આદિ કાંઈ જ હોતું નથી. તે જીવોને એકેન્દ્રિય કે સ્થાવર જીવો કહેવાય છે. કેટલાક જીવોને બે, ત્રણ, ચાર કે પાંચ ઈન્દ્રિયો હોય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો સ્થાવર છે. તે જીવોનું જીવત્વ તેની કોઈ ક્રિયાથી પ્રગટ થતું નથી.

કીડી, કુંથવા વગેરે જીવો ભલે નાના હોય, પરંતુ તેની હલનચલન આદિ ક્રિયાથી તેમાં જીવત્વને સ્વીકારી શકાય પરંતુ પૃથ્વીમાં કે પાણીમાં જીવત્વને સ્વીકારવું, તે પ્રભુ મહાવીરનું કેવળજ્ઞાન છે અને પ્રભુના જ્ઞાન પ્રતિ આપણી પૂર્ણ શ્રદ્ધા છે.

સંપૂર્ણ વિશ્વ હવે વનસ્પતિમાં જીવ છે તે તો માનવા લાગ્યું છે. પણ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુમાં જીવ છે તે માનવા હજી તયાર નથી.

ભગવાને શ્રી આચારાંગ સૂત્ર અધ્ય – 1 માં છકાય જીવોની સિદ્ધિ કરી છે. શ્રી દશવૈકાલિક સૂત્ર અધ્ય – 4 માં પણ છકાય જીવોની સિદ્ધિ છે.

હવે રહસ્યોં ખુલ્યા છે, જે ભગવાનની વાણીને સત્ય સિદ્ધ કરે છે.

ચાલો, આજે જોઈએ ધર્મ અને વિજ્ઞાન પૃથ્વીમાં જીવત્વની સિદ્ધિ માટે શું કહે છે.

**પૃથ્વીમાં જીવત્વની સિદ્ધિ :-**

**ધર્મ કહે છે....** જુવારના દાણા જેટલી પૃથ્વીમાં અસંખ્યાતા જીવો છે. તે પ્રત્યેક જીવ આપણી સમાન છે, તે જીવો પણ શાતા અને અનુકૂળતાને ઈચ્છે છે, દુઃખથી દૂર થવા ઝંખે છે.

તેની વેદનાનું કથન શાસ્ત્રકારે દ્રષ્ટાંત દ્વારા કર્યું છે. જેમ કોઈ વ્યક્તિ જન્મથી જ અંધ, મૂંગા, બહેરા આદિ દરેક ઈન્દ્રિયથી હીન - અપંગ હોય, તે વ્યક્તિનું છેદન-ભેદન કરીએ, તો તેને દુઃખ થાય છે, પરંતુ તેની પાસે દુઃખ પ્રગટ કરવાના સાધન ન હોવાથી તે પોતાના દુઃખને પ્રગટ કરી શક્તા નથી.

તે જ રીતે પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય જીવોનું છેદન-ભેદન કરીએ, તો તેનામાં પણ આપણા જેવો જ જીવ હોવાથી તે જીવોને સંવેદન- ફીલીંગ્સ અવશ્ય થાય છે.

પરંતુ તેની પાસે આંખ, કાન, નાક કે જીભ રૂપ ઈન્દ્રિયો ન હોવાથી તે જીવો પોતાની વેદનાને પ્રગટ કરી શક્તા નથી.

**વિજ્ઞાન :-** આજના વૈજ્ઞાનિકોએ વિધ-વિધ પ્રયોગો દ્વારા પૃથ્વીમાં જીવ છે તેવું સિદ્ધ કર્યું છે.

કેટલાક પર્વતોની ઊંચાઈ સ્વતઃ વધે છે અને ઘટે છે.

જે ખેતરમાં એક વર્ષ ધાન્ય વાવ્યું હોય, ત્યારે તે પૃથ્વીના રસ-કસ સ્વતઃ ખેંચાઈ જાય છે. ત્યાર પછી ખેડૂત થોડોક સમય ખેતરમાં વાવણી ન કરે અને ખેતર ખાલી પડયું રહે, તો તે પૃથ્વીના જીવો સ્વતઃ પોતાનો આહાર મેળવી લે અને તે ખેતર પુનઃ રસકસવાળું અર્થાત્ વાવણીને યોગ્ય બની જાય છે. આ પ્રકિયા પણ

પૃથ્વીમાં જીવત્વની સિદ્ધિ કરે છે.

Romania માં costesti ના ગામમાં એક પ્રકારના પત્થરો મળ્યા છે. તે નાનામાંથી મોટા થાય છે. તે પત્થરો અન્ય પત્થરોને જન્મ આપી શકે છે. ઈ. 2004માં તે પત્થરોને એક મ્યુઝિયમમાં રાખવામાં આવ્યા હતા. અનેક વૈજ્ઞાનિકોના સંશોધનનો વિષય બની ગયા હતા. તેને જોઈને વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત થઈ જાય છે.

તે પત્થરોને જ્યારે પાણીનો સંયોગ થાય અથવા વરસાદ આવે, ત્યારે મશરૂમની જેમ તે પત્થરો ઉપર નાના-નાના પત્થરો ફૂટી નીકળે છે, તે નાના પત્થરો મોટા થતાં થતાં એકાદ સેંટીમીટરમાંથી એકાદ મીટર જેટલા મોટા થઈ જાય છે અને વજનમા એક ટન વજનના પણ થાય છે.

તે પત્થરોને જ્યારે તોડવામાં આવે, તેના બે ભાગ થાય, ત્યારે તેમાં વનસ્પતિની જેમ Age Rings જીવનરેખા દેખાય છે. જેમ Age Rings જીવનરેખાને જોઈને તે તે વૃક્ષોની ઉમર જાણી શકાય, તે જ રીતે પત્થરની પણ જીવનરેખા Age Rings ને જોઈને તેની ઊંમરને પણ જાણી શકાય છે.

આ રીતે પૃથ્વીમાં જીવ છે તેવું વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે.

ઉપરોકત વાતો આપણા પરમાત્માના જ્ઞાન પ્રતિ શ્રદ્ધાને પુષ્ટ કરે છે. આ રીતે પરમાત્માના પ્રત્યેક વચનો આપણને સમજાય કે ન સમજાય, પરંતુ તે 100% સત્ય છે, તે પ્રમાણે આપણી શ્રદ્ધાને દ્રઢ બનાવવી, તે જ જીવનની સફળતા છે.


Romania માં costesti ના ગામના પત્થરો

## વિભાગ - 5
## કથા વિભાગ

# ભગવાન મહાવીરનો અઢારમો ભવ - ત્રિપૃષ્ટ વાસુદેવનો

આ ભરતક્ષેત્રનાં પોતનપુર નગરમાં રિપુપ્રતિશત્રુ રાજા અને તેમની ભદ્રા નામે રાણી હતા. તેમને ત્યાં ચાર મહાસ્વપ્નોથી સૂચિત, અચલ નામક, આ અવસર્પિણીકાળના પ્રથમ બળદેવ (બલભદ્ર) નો જન્મ થયો. પશ્ચાત્ મૃગાવતી નામે કન્યા થઇ. યૌવનને પ્રાપ્ત તે રૂપવતી કન્યા ઉપર રાજા (પિતા) પોતે મોહિત થયા અને તેની સાથે પાણિગ્રહણ (વિવાહ) કરવા વિચાર્યું.

પોતાની વાતને નગરજનોની સંમતિ મળે તે આશયથી રાજાએ સર્વ વૃદ્ધજનોને રાજ્યસભામાં બોલાવ્યા. સભા સમક્ષ રાજાએ પ્રશ્ન મૂક્યો કે, "આપણા સ્થાનમાં (દેશમાં) કોઈ રત્ન ઉત્પન્ન થાય તો તેના માલિક કોણ કહેવાય?" સભાજનોએ ઉત્તર આપ્યો કે, "હે રાજન! તે રત્ન આપનું જ કહેવાય, રાજ્યમાં ઉત્પન્ન થયેલા રત્ન ઉપર રાજાનો જ હક હોય છે. આપ જ તેના માલિક કહેવાઓ." આ વાત સાંભળી રાજાએ કહ્યું કે, "સ્ત્રીઓમાં ઉત્તમ રત્ન સમાન આ રાજપુત્રીનો માલિક પણ હું જ થાઉં ને!" આ પ્રમાણે કહી મૃગાવતીને રાજ્યસભામાં બોલાવી, ગાંધર્વ વિધિથી પુત્રીને સ્વયંમેવ પરણ્યો.

લજ્જા અને ક્રોધથી ભદ્રાદેવી રાજાને છોડી, અચલકુમારને લઇ નગર બહાર નીકળી, દક્ષિણ દિશામાં ચાલી. અચલકુમારે ત્યાં 'માહેશ્વરી' નામે નવી નગરી વસાવી, ભદ્રામાતાને તે નગરમાં રાખી અચલકુમાર પિતા પાસે આવ્યો.

રિપુપ્રતિશત્રુ રાજા પોતાની જ પુત્રીરૂપી પ્રજાનો પતિ થયો તેથી બધા તેને પ્રજાપતિ નામથી બોલાવવા લાગ્યા.

વાસુદેવના જન્મસૂચક સાત મહાસ્વપ્ન મૃગાવતીએ જોયાં અને વિશ્વભૂતિનો (મહાવીરનો) જીવ દેવલોકથી ચ્યવી મૃગાવતીની કુક્ષીમાં અવતર્યો. યથાસમયે ભરતક્ષેત્રના આ અવસર્પિણી કાળના પ્રથમ વાસુદેવનો જન્મ થયો. તેના પૃષ્ટ ભાગમાં ત્રણ પાંસળીઓ હતી તેથી તેમનું ત્રિપૃષ્ટ નામ રાખ્યું. તેઓ 80 ધનુષ્યની ઊંચાઇ ધરાવતા હતા. અચલ અને ત્રિપૃષ્ટ વચ્ચે અપાર સ્નેહ હતો.

વિશાખાનંદીનો જીવ અનેક ભવોમાં પરિભ્રમણ કરી, તુંગગિરિમાં કેસરી સિંહ તરીકે ઉત્પન્ન થયો અને તે શંખપુરના પ્રદેશમાં ઉપદ્રવ કરવા લાગ્યો. તે સમયે અશ્વગ્રીવ નામના પ્રથમ પ્રતિવાસુદેવે "પોતાનું મૃત્યુ કોના હાથે થશે?" તેમ નિમિતજ્ઞોને પૂછ્યું. તેઓએ જણાવ્યું કે, "જે ચંડવેગ નામના તમારા દૂતનું અપમાન કરી, તેને કાઢી મૂકશે તથા તુંગગિરિમાં રહેલા સિંહને હણશે તે તમને (પ્રતિવાસુદેવને) મારશે."

આ સાંભળી, અશ્વગ્રીવ શંખપુરની રક્ષા માટે પોતાને આધીન રાજાઓને (સામંત રાજાઓને) શંખપુર મોકલવા લાગ્યો. અનુક્રમે શંખપુરની રક્ષા માટે પ્રજાપતિ રાજાને કહેવા, ચંડવેગ નામના દૂતને મોકલ્યો.

પ્રજાપતિ રાજા, અચલ, ત્રિપૃષ્ટ વગેરે રાજપરિવાર સાથે બેસી, સંગીત નૃત્યાદિ જોવા સાંભળવામાં લીન હતા. તે સમયે અચાનક ચંડવેગ દૂત સભામાં આવી પહોંચ્યો. તેના આવવાથી રંગમાં ભંગ પડયો. પ્રજાપતિ રાજાએ નૃત્ય-સંગીતાદિ બંધ કરાવી, દૂતનો સત્કાર કર્યો. અશ્વગ્રીવનો સંદેશ સાંભળી, ભેટાદિ આપી દૂતને વિદાય કર્યો. પરંતુ અચલ અને ત્રિપૃષ્ટે ક્રોધિત બની, દૂતને માર્ગમાં રોકી, માર મરાવ્યો. પ્રજાપતિ રાજાને પુત્રોના પરાક્રમની જાણ થતા, પુત્રો વતી દૂતની માફી માગી.



તુંગગિરિના કેસરીસિંહથી શંખપુરની રક્ષા કરવા પ્રજાપતિ રાજાને ન જવા દેતા અચલ અને ત્રિપૃષ્ટ બન્ને ભાઈઓ ઉપડ્યા. દરેક રાજા શંખપુરની રક્ષા કરવા, સૈન્યથી શાલીક્ષેત્ર(ચોખાના ખેતરો) ફરતો કિલ્લો કરી, શાલી લણી ન લેવાય ત્યાં સુધી રક્ષા કરતા. રાજા પોતે વારંવાર આ ક્ષેત્રની મુલાકાત લઇ લેતા.

લાંબો સમય ત્યાં રહેવું ન પડે તે માટે ત્રિપૃષ્ટે સિંહને જ મારી નાખવાનું વિચાર્યું. અશ્વરથમાં બેસી બન્ને કુમારો સિંહની ગુફા (બોડ) તરફ ચાલ્યા. ગુફા નજીક આવી એટલે અવાજો કરી સિંહને બહાર કાઢ્યો.

" સિંહ પેદલ છે, હું રથી છું. આ યુદ્ધ સમાન ન કહેવાય." તેમ વિચારી ત્રિપૃષ્ટ

રથમાંથી નીચે ઊતર્યા. સિંહ નિઃશસ્ત્ર હોવાથી ત્રિપૃષ્ઠે ઢાલ અને તલવાર વગેરે શસ્ત્ર મૂકી દીધા.

ત્રિપૃષ્ટના પડકાર સામે, સિંહે ક્રોધિત બની તરાપ મારી. ત્રિપૃષ્ટે બહાદુરીપૂર્વક પોતાની ઉપર ધસી આવતા સિંહના બંને જડબા હાથથી પકડી, જીર્ણવસ્ત્રની જેમ સિંહને ચીરી નાખ્યો. “ અહો ! નાના બાળક જેવા આ કુમારે મને માર્યો !” એવા આક્રોશથી બે ભાગ થવા છતાં સિંહ ધ્રૂજવા લાગ્યો. તે સમયે ત્રિપૃષ્ટના સારથિએ (ગૌતમ સ્વામીનો જીવ) સ્ફુરાયમાન એવા સિંહને કહ્યું કે ‘ઓ સિંહ ! તું પશુઓમાં સિંહ છે તેમ આ ત્રિપૃષ્ટ પુરુષોમાં સિંહ છે. તને કોઇ હીન પુરુષે માર્યો નથી તેથી તારું અપમાન ન માન.’ સારથિની વાણી સાંભળી, અપમાનના દુઃખથી મુક્ત બની, મૃત્યુ પામી, સિંહ ચોથી નરકમાં નારકી રૂપે ઉત્પન્ન થયો.

બન્ને કુમારોએ પોતાનું કાર્ય પૂર્ણ કરી, ત્યાંથી વિદાય લીધી. શંખપુરના લોકોએ આ સમાચાર અશ્વગ્રીવને પહોંચાડ્યા. નિમિતજ્ઞના કથન પ્રમાણે આ યુવાન જ મને મારશે, તે મને મારે તે પૂર્વે તેને હું મારી નખાવું. તેમ વિચારી અશ્વગ્રીવે એક દૂતને પ્રજાપતિ રાજા પાસે મોકલ્યો. દૂતે પ્રજાપતિ રાજાને કહ્યું કે “તમારા બન્ને કુમારોને અશ્વગ્રીવ રાજા બોલાવે છે. તેમની વીરતાથી ખુશ થઇ, અશ્વગ્રીવ રાજા કુમારોને જુદું રાજ્ય આપશે.” કુમારોને ન મોકલતા પ્રજાપતિ રાજા પોતે જ ત્યાં જવા તૈયાર થયા. તે સમયે દૂતે કહ્યું કે – “કુમારોને મોકલો, નહિ તો અશ્વગ્રીવ સાથે યુદ્ધ કરો.” દૂતના આવાં વચનો સાંભળતાં જ કુમારોએ દૂત ને માર મારી, કાઢી મૂક્યો.

બન્ને કુમારો પોતાની સેના લઇ, રથાવર્તગિરિ પાસે આવ્યા. અશ્વગ્રીવ પણ વિશાળ સેના લઇ ત્યાં આવ્યા. બન્ને પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું. ત્રિપૃષ્ઠ સામે અશ્વગ્રીવનાં સર્વ શસ્ત્રો નિષ્ફળ જવા લાગ્યાં. અંતે અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠ ઉપર ચક્ર મૂક્યું. ત્રિપૃષ્ટે તે જ ચક્ર ગ્રહણ કરી, અશ્વગ્રીવ ઉપર મૂક્યું અને અશ્વગ્રીવ નું મસ્તક છેદાઇ ગયું.

“અચલ આ અવસર્પિણીકાળના પ્રથમ બળદેવ છે અને ત્રિપૃષ્ટ આ અવસર્પિણીકાળના પ્રથમ વાસુદેવ છે.” તેવી દેવતાઓએ ઘોષણા કરી. બન્ને ભાઈઓએ પરાક્રમવડે અર્ધ ભરતક્ષેત્ર ઉપર વિજય મેળવ્યો. દક્ષિણ ભરતાર્ધ ઉપર વિજય મેળવી વાસુદેવના વ્યવહાર પ્રમાણે ભુજાવડે કોટિશિલા ઉપાડી અને છત્રની

જેમ મસ્તક સુધી ઊંચી કરી. તત્પશ્ચાત્ બન્ને ભાઈઓ પોતનપુર પહોંચ્યા. દેવતાઓ અને રાજાઓએ મળી, ત્રિપૃષ્ઠનો અર્ધચક્રીપણાનો અભિષેક કર્યો. જગતમાં જે જે રત્નસ્વરૂપ વસ્તુઓ, વ્યક્તિઓ હતી તે સર્વે ત્રિપૃષ્ટને આશ્રિત બની.

ગાયકોમાં રત્નરૂપ એવા કેટલાક ગાયકો પણ ત્રિપૃષ્ટ પાસે આવ્યા. એકદા તે ગાયકો સંગીતના સૂર રેલાવતા હતા. શયનનો સમય થતાં વાસુદેવે પોતાના શય્યાપાલકને આજ્ઞા કરી કે "હું સુઈ જાઉં પછી, આ વાદન બંધ કરાવી તે ગાયકોને રજા આપી દેજે." અલ્પ સમયમાં ત્રિપૃષ્ટ વાસુદેવ નિદ્રાધીન બન્યા. મધુર વાદનમાં લુબ્ધ બનેલા શય્યાપાલકે તે વાદકોને વિદાય કર્યા નહીં. પ્રાતઃકાળે વાસુદેવ ઊઠ્યા. ગાયકોને ગાતા અને શય્યાપાલકને તેમાં લુબ્ધ બનેલો જોયો. સંગીતલુબ્ધતાના કારણે શય્યાપાલકે પોતાની આજ્ઞા



અવધારી નથી તેમ વિચારી, વાસુદેવ ક્રોધિત બન્યા. શય્યાપાલકના આ ગુન્હાના દંડસ્વરૂપે, ગરમ - ગરમ સીસું શય્યાપાલકના કાનમાં રેડાવ્યું. અપાર વેદના સાથે શય્યાપાલકનું મૃત્યુ થયું. આ કાર્ય દ્વારા ત્રિપૃષ્ટે અશાતા વેદનીય કર્મ નિકાચિત કર્યું.

84 લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી, ત્રિપૃષ્ઠ વાસુદેવ ચોથી નરકે ગયા. અચલ બળદેવ દીક્ષા અંગીકાર કરી, મોક્ષે ગયા.

**MORAL:**

દેવાનુપ્રિયો ! વેરના બંધન બહુ ભયાનક હોય છે. વિશ્વભૂતિ અને વિશાખાનંદીના ભવમાં બન્ને વચ્ચે બંધાયેલા વેરના બંધન અને નિયાણાના પ્રભાવથી વિશાખાનંદી જે આ ભવમાં સિંહ રુપે હતો, તેનું મૃત્યુ વિશ્વભૂતિ, જે આ ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ રુપે હતા, એમના હાથેથી થયું. અંતે બન્ને ચોથી નરકમાં ઉત્પન્ન થયા. સમજવાનું એ છે કે, હમેશાં સહન કરી લેવુ પણ વેરના બંધન બંધાવા ન દેવા. વેરની પરંપરા ભવોભવ સુધી ચાલે છે અને ભયાનક દુઃખ આપે છે. જો થોડુ સહન કરી લઈએ તો અનંતા દુઃખોથી બચી જઈએ.

# ગજસુકુમાલ મુનિ

નાની ઉમર અને કોમળ શરીર હોવા છતાં મનની મક્કમતા અને મોક્ષમાં લઈ જનાર સંવેગ અને નિર્વેદ ભાવો ઉત્કૃષ્ટ હોય તો આત્મા કેવી કસોટીમાંથી પાર થઈ અંતિમ મંઝિલ મોક્ષને પ્રાપ્ત કરી લે છે, એ જાણીએ ગજસુકુમાલની જીવન કહાનીમાંથી.

દ્વારિકા નગરીના રાજા શ્રીકૃષ્ણ વાસુદેવ હતા. તેમની માતાનું નામ દેવકી અને પિતાનું નામ વસુદેવ હતું. તેમના સૌથી નાના અને લાડીલા ભાઈનું નામ હતું ગજસુકુમાલ. તેમનું શરીર હાથીના તાળવા જેવું સુકોમળ હતું, તેથી તેમનું નામ 'ગજસુકુમાલ' પાડવામાં આવ્યું હતું. માતાના લાલન- પાલનમાં રહીને ગજસુકુમાલ ધીમે ધીમે યૌવન અવસ્થાને પ્રાપ્ત થયા.

એકવાર ભગવાન નેમિનાથ (બાવીસમા તીર્થંકર) વિચરણ કરતાં કરતાં દ્વારિકા નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા. શ્રીકૃષ્ણ વાસુદેવ તેમનાં દર્શન કરવા નગરમાંથી બહાર નીકળતા હતા, ત્યારે તેમણે દ્વારિકા નગરીના માર્ગ ઉપર એક સુંદર કન્યા 'સોમા' ને જોઈ.

સોમાનું રૂપ અને લાવણ્ય એટલું સુંદર હતું કે શ્રીકૃષ્ણને તે ગજસુકુમાલ સાથે વિવાહ કરવા યોગ્ય લાગી. તેથી શ્રીકૃષ્ણે સોમાના પિતા સોમિલ બ્રાહ્મણની આજ્ઞા લઈને સોમાને રાણીઓના મહેલમાં અંગરક્ષકો સાથે મોકલી દીધી.

એકદા શ્રીકૃષ્ણ મહારાજા, રાણીઓ, ગજસુકુમાલ તથા બીજા અનેક નગરજનો નેમનાથ ભગવાનનાં દર્શન કરવાં અને તેમની વાણી સાંભળવા માટે આવ્યાં હતાં. ભગવાનનો ઉપદેશ સાંભળીને ગજસુકુમાલને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે ભગવાનને કહ્યું, " હું મારાં માતાપિતાની આજ્ઞા મેળવીને પાછો આવીને આપની પાસે દીક્ષા લઈશ."

દેવાનુપ્રિયો ! એકજ વાર ભગવાનની વાણી સાંભળી અને સંયમના ભાવ થઈ ગયા. શું કારણ આની પાછળ ? જન્મો જન્મથી જેઓએ સંયમના સંસ્કારો દ્રઢ કર્યા હોય, તે જ આવું કરી શકે.

ગજસુકુમાલને તેમનાં માતાપિતા તથા શ્રીકૃષ્ણે અનેક રીતે સંસારમાં રોકાઈ જવા સમજાવ્યા, પણ તેમનો વૈરાગ્ય અનેરો હતો. તેમને આ દુઃખમય સંસારમાં હવે



રોકાવું ન હતું. વડીલોના અત્યંત આગ્રહને કારણે બીજા દિવસે સવારે તેમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તેમના રાજા બનવા પર તેમને પૂછવામાં આવ્યું કે - “ હે રાજન્ ! આપ શું ઈચ્છો છો ? ” ત્યારે તેમણે જવાબ આપ્યો, “ મારે દીક્ષા લેવી છે ! ” માતાપિતાની અનુમતિ મેળવીને માથે મુંડન કરીને ભગવાન નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી.

દ્રઢ મનોરથ વાળાને એકવાર સંયમના ભાવ જાગૃત થાય પછી તેઓ કોઈના રોકાવ્યા રોકાય નહીં.

તે જ દિવસે સાંજે તેઓએ ભગવાનને સવિનય વંદન નમસ્કાર કરીને પૂછ્યું કે, “ભગવાન! મોક્ષમાં જવાનો shortcut માર્ગ કયો ?” ભગવાને તેમને બારમી ભિક્ષુ પ્રતિમા વિષે જણાવ્યું. ગજસુકુમાલે ભગવાનને કહ્યું, “ આપની આજ્ઞા હોય તો, મારા એવા ભાવ છે કે મહાકાલ સ્મશાનમાં જઈને હું એક રાત્રિની ભિક્ષુ પ્રતિમા સ્વીકાર કરું અર્થાત્ સંપૂર્ણ રાત્રિ ધ્યાન કરીને ઊભો રહું.” ભગવાને તેમને પ્રેમપૂર્વક કહ્યું, “ જેમ સુખ ઉપજે, તેમ કરો પરંતુ ધર્મારાધનામાં પ્રમાદ કરશો નહીં.”


ભગવાનની આજ્ઞા મેળવીને ગજસુકુમાલ મહાકાળ સ્મશાનમાં આવ્યા. ત્યાં નિર્દોષ ભૂમિ જોઈને તેઓ એક પુદગલ પર દ્રષ્ટિ કરીને એક રાત્રિની મહાપ્રતિમા સ્વીકારીને ધ્યાનમાં ઊભા રહી ગયા.

તે જ દિવસે સોમિલ બ્રાહ્મણ હવન માટે લાકડાં, ઘાસ આદિ સામાન લેવા દ્વારિકા નગરીની બહાર ગયો હતો. તે પોતાને જરૂરી સામાન લઈને સાંજે ઘરે પાછો ફરી રહ્યો હતો. મહાકાળ સ્મશાનમાં કાઉસ્સગ્ગ કરીને ધ્યાનમાં ઊભેલા ગજસુકુમાલ મુનિને તેણે જોયા.

તેમને જોતાં જ તેના હ્રદયમાં 99 લાખ ભવ પહેલાનું પૂર્વભવનું વેર જાગૃત થયું તે સ્વગત બોલ્યો, ‘અરે! આ તો ગજસુકુમાલ છે. તે પુણ્યહીન અને દુર્લક્ષણ યુક્ત છે. મારી નિર્દોષ દીકરી સોમા જે યુવાન છે, તેને વિના કારણે જ છોડીને આ સાધુ બની ગયો છે.’

સોમિલ બ્રાહ્મણે વિચાર્યું કે, ‘હું તેનો બદલો લઉં.’ તેણે ચારે દિશામાં જોયું કે કોઈ આવતું-જતું તો નથી ને ? (પાપનાં કાર્યો પ્રાયઃ એકાંતમાં અથવા અંધારામાં જ

કરવામાં આવે છે) અંધારું થઈ ગયું હોવાથી લોકોની અવરજવર નહોતી. નજીકમાં રહેલાં તળાવમાંથી તેણે ભીની માટી લીધી અને ગજસુકુમાલના માથા પર પાળી બાંધી દીધી. સ્મશાનમાં બળી રહેલી એક ચિતામાંથી બળી ગયેલા લાકડાનાં અંગારા તેણે એક તૂટેલા વાસણમાં ભર્યા. તે બળબળતાં અંગારા તેણે ગજસુકુમાલ મુનિના માથા પર મૂકી દીધા. પછી તેને કોઈ જોઈ ન જાય તેવા ભયથી તે ત્યાંથી ભાગી ગયો.



ભારે કર્મી પાપી વ્યક્તિ પાપ કરતાં ડરતી નથી 'પણ મારું પાપ જાહેર ન થઈ જાય.' તેનાથી ડરે છે. હળુકર્મી આત્મા હંમેશા પાપથી ડરતા હોય છે.

ગજસુકુમાલ મુનિની શરીરમાં અસહ્ય મહાવેદના ઉત્પન્ન થઈ. તે વેદના અત્યંત દુ:ખમય, ભયંકર અને અસહ્ય હતી. એક તો સુકુમાર શરીર અને તાજો લોચ કરેલો એટલે વાળ વગરનું માથું. ચામડી તડતડ તૂટી અને ખોપરી ફાટી, વેદનાનો પાર ન રહ્યો. છતાં પણ ગજસુકુમાલ મુનિ સોમિલ બ્રાહ્મણ પર લેશમાત્ર પણ દ્વેષ ન કરતાં સમભાવપૂર્વક વેદના સહન કરવા લાગ્યા.

'આત્મા નિત્ય છે અને શરીર અનિત્ય છે, ક્ષમા એ આત્માનો ગુણ છે અને ક્રોધ કરવો તે વિભાવ છે. મારા અશુભ કર્મોનું ફળ હું ભોગવી રહ્યો છું.' તેવું ચિંતન તેઓ કરતા રહ્યા. તેમના શુભ પરિણામ તથા શુભ અધ્યવસાયોથી આત્માના ગુણોનો ઘાત કરવાવાળાં કર્મોનો નાશ થયો અને તેમને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું. ત્યારબાદ સર્વ કર્મ ક્ષય થઈ જવાને કારણે તેઓ મોક્ષ પામ્યા.

ધન્ય છે ગજસુકુમાલને, તેમના વૈરાગ્યને, ધ્યાનને અને તેમની ક્ષમાને.

**MORAL:**

દેવાનુપ્રિયો ! ગજસુકુમાલના ક્ષમાભાવ – સમતાભાવ અલૌકિક હતા. આપણા માટે તે અશક્ય જેવું છે. પણ આપણે થોડો ઘણો ક્ષમાભાવ અને સમતાભાવ તો રાખી શકીએ ને! નિમિત્તને દોષ દીધા વિના પોતાના જ કર્મોનો ઉદય છે, તેવી સમજણથી આ ભવથીજ આપણે એવા સંસ્કારો દ્રઢ કરીશું. તો ભવિષ્યમાં આપણે પણ ગજસુકુમાર જેવા ક્ષમાવાન બની શકીશું.

# સતી ચંદનબાળા

ચંપાપુરી નગરીનો રાજા દધિવાહન હતો. તેની પત્નીનું નામ ધારિણી અને પુત્રીનું નામ વસુમતી હતું. માતાપિતાએ તેને વિદ્યા અને કળામાં કુશળ અને ઉત્તમ સંસ્કારી બનાવી હતી.

કૌશાંબી નગરીનો રાજા શતાનીક હતો. તે મૃગાવતીને પરણ્યો હતો. મૃગાવતી અને ધારિણી બે બહેનો હતી. કોઇ અકળ કારણસર બંને રાજા વચ્ચે વેરનાં બીજ રોપાતાં શતાનિકે દધિવાહન રાજાને યુદ્ધ કરી ખત્મ કરી નાખ્યો.

શત્રુ રાજાના હાથમાં પકડાઇ જવાની બીકે ધારિણી અને વસુમતી ત્યાંથી નાસી ગયાં. પરંતુ કૌશાંબીના એક સારથિએ તે બંનેને રક્ષણ આપ્યું. રસ્તામાં ધારિણી રાણીનું સ્વરૂપ જોઇ તેની દાનત બગડી, પોતાના શીલનું રક્ષણ કરવા ધારિણી મોતને ભેટી ગયા. માત્ર બાર વરસની નાની વસુમતી નિરાધાર બની ગઇ.

ધારિણીનું અકાળ મૃત્યુ થવાથી સારથી જરા ઢીલો પડી ગયો. બાળકુમારી વસુમતીને કૌશાંબીના બજારમાં વેચી દેવાનું તેણે નક્કી કર્યું. કર્મની ગતિ તો જુઓ ! એક વખતની રાજકુમારી આજે ભર બજારમાં વેચાતી હતી ! સદ્ ભાગ્યે તે જ નગરના ધનાવહ શ્રેષ્ઠિ એ જ માર્ગથી નીકળ્યા. તેમણે વસુમતીને જોઇ અને વિચાર્યું કેઃ ‘આ કન્યા કોઇ ઉચ્ચ ખાનદાનની છે, નકામી કોઇ લંપટના હાથમાં જશે તેના કરતાં મારી પત્ની મૂળાને એ કામમાં આવશે.’ તેમણે વસુમતીને ખરીદી લીધી અને ઘરે લઇ આવ્યા.

ધનાવહ શેઠે ઘરે આવીને મૂળા શેઠાણીને કહ્યું, “આને આપણી દીકરી ગણીને રાખજે. આ બાળા ગુણવંતી છે, આપણે તેને ચંદનબાળા કહીને બોલાવીશું.” શેઠાણી ખુશ થયાં અને તેઓ વસુમતીને વહાલ કરવા લાગ્યાં.

સમય વ્યતીત થતાં ચંદનબાળાના અંગેઅંગમાં યૌવન પ્રગટી રહ્યું હતું. મૂળા શેઠાણીને થયું, "શેઠ આને દીકરીની જેમ રાખે છે, પણ વખત જતાં તેના યૌવનમાં લપટાઇને તેને પરણી બેસશે તો ? મારું તો જીવતર ધૂળધાણી થઇ જશે !" આવી નકામી અને ખોટી ચિંતામાં શેઠાણી ફસાઇ ગયાં.

એકવાર, શેઠાણી પાડોશીને ઘેર ગયા હતા, ત્યારે કોઇ કામથી પરવારીને શેઠ

ઘરે આવ્યા. ચંદનબાળા વિનયપૂર્વક તેમનાં ચરણ ધોવા લાગી. તે વખતે તેનો ચોટલો છૂટો પડી ગયો. શેઠે પોતાની લાકડીથી તેના વાળ ઊંચા કર્યા.

સંજોગોવશાત્ તે જ વખતે મૂળા શેઠાણી ઘરમાં આવ્યાં અને આ દ્રશ્ય જોયું, તેથી તે વધારે દુઃખી થયાં અને તેમનો વહેમ પાકો થઇ ગયો કે 'હવે શેઠ આને જરૂર પરણી જશે.' ચંદના હવે શેઠાણીને ખૂંચવા લાગી. તેને થયું કે વેલને તો વધે તે પહેલાં જ મૂળમાંથી ઊખેડી નાખવી જોઇએ, માટે તે યોગ્ય સમયની રાહ જોવા લાગી.

થોડા દિવસ પછી ધનાવહ શેઠ ત્રણ-ચાર દિવસ માટે બહારગામ ગયા. ત્યારે મૂળ શેઠાણીએ ચંદનબાળાને બોલાવી કડવાં વચનો કહ્યાં. તેના માથાના વાળ મૂંડાવી નાખ્યા, પગમાં બેડી નાખી અને ઘરનાં ભોંયરામાં ગુપ્ત રીતે પૂરીને તાળું દઈ દીધું.

આ તરફ ચંદનબાળા વિચાર કરે છે, 'મારા કર્મ જ એવાં છે, રસ્તામાં માતાનું મૃત્યું થયું, પિતાનું ઘર છૂટી ગયું, ઢોરની જેમ બજારમાં વેચાણી ! પણ સદનસીબે શેઠના હાથમાં આવી જવાથી બચી ગઇ છું. આજે બહુ સારું થયું કે મને એકાંત મળ્યું. હવે અહીં હું ધર્મધ્યાન કરીશ.' આમ વિચારતી મનમાં પણ મૂળા શેઠાણી ઉપર દ્વેષ ન કર્યો.

ત્રણ દિવસ પછી બહારગામથી શેઠ ઘરે આવ્યા. ચંદનબાળા ન દેખાતા તેની તપાસ કરી. અનેક જગ્યાએ શોધ કર્યા બાદ ચંદનબાળા ભોંયરામાંથી મળી આવી. તેની આવી દયાજનક હાલત જોઇને શેઠને દુઃખ થયું. ત્રણ દિવસ વીત્યા પણ ચંદનબાળાને અન્ન કે પાણી મળ્યાં નહોતાં. તેનું ગળું અને શરીર શોષાઇને કૃશ થઇ ગયું હતું , મૃત્યુ જાણે ડોકિયાં કરતું હોય તેવું લાગતું હતું. છતાં તે તો નવકાર મંત્રનું સ્મરણ કરવામાં લીન હતી.

'આ બધું કારસ્તાન મૂળા શેઠાણીનું છે' તેવી શેઠને ખબર પડી ગઇ. શેઠે તરત જ તેને માટે ખાવાનું શોધ્યું, પણ મૂળા શેઠાણી રસોઇગૃહને તાળું મારીને બહાર ચાલ્યાં ગયાં હતાં. દાસી માટે બનેલા અડદના બાકુળા એક સૂપડામાં મૂકીને શેઠે તેને ખાવા આપ્યા. તેને ઘરના ઊંબરે બેસાડી તેની બેડીઓ કાપવા માટે શેઠ લુહારને બોલાવવા ગયા. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ચંદનબાળા વિચારે છે કે 'મારે આંગણે કોઇ સંત પધારે તો તેને ભોજન આપીને પછી મારું પારણું કરું.'

કૌશાંબી નગરીમાં તે વખતે ભગવાન મહાવીર સ્વામી બિરાજી રહ્યા હતા.

તેમણે કોઇ વિકટ અભિગ્રહ ધારણ કર્યો હતો. નગરજનો, ભાવિક શ્રાવક અને શ્રાવિકાઓએ ભગવાનનો અભિગ્રહ પૂરો થાય તેવો પ્રયત્ન કરવામાં કોઇ કચાશ રાખી નહોતી, છતાં પણ કેમેય કરીને તેમનો અભિગ્રહ શું છે તે જણાતું નહોતું અને તેઓ પારણું કરતા નહોતા! રાજ્યમાં રાજા, રાણી અને નગરજનો સહુ કોઇ તેમના પારણાની ચિંતામાં રહેતાં હતાં. કોણ જાણે ક્યારે પારણું થશે? આમને આમ પાંચ મહિના ઉપર પચ્ચીસ દિવસ આજે પૂરા થયા હતા. 'જો કોઇ સ્ત્રી ઉંબરા પર બેઠી હોય, તેનો એક પગ ઘરના ઉંબરાની અંદર ને બીજો પગ ઉંબરાની બહાર હોય, કુંવારી રાજકુમારી હોય, પણ દાસીપણું પામી હોય, પગમાં બેડી હોય, માથે મુંડન હોય, રુદન કરતી હોય, તે મને ભિક્ષા વહોરાવે તો પારણું કરું.' તેવો દુષ્કર અભિગ્રહ તેમનો હતો.





ભગવાન મહાવીર આજે પારણા અર્થે ફરતાં ફરતાં યોગાનુયોગ ચંદનબાળાના ઊંબરે જઇ ચડ્યા. ચંદનબાળા અતિ હર્ષ પામીને તેમને વહોરાવવા આગળ વધી, પણ... ત્યાં તો ભગવાન પાછા ફર્યા. 'ઓહ હું કેવી અભાગી ? આંગણે આવેલા સંત પાછા જાય ?' આવો વિચાર થતાં તે જોરથી રડી પડી. તેના રુદનનો અવાજ સાંભળીને ભગવાને પાછળ જોયું અને પોતાનો અભિગ્રહ પૂરો થયો જાણી ભિક્ષા માટે પોતાના હાથ ફેલાવ્યા. ચંદનબાળાએ અતિ ઉમંગ અને ભક્તિભાવ સાથે બાકુળા તેમને વહોરાવ્યા.

તે જ ક્ષણે દેવતાઓએ સાડા બાર ક્રોડ સોનામહોરની વર્ષા કરી. ચંદનબાળાની બેડીઓ તૂટી ગઇ. આકાશમાં દેવદુંદુભિ વાગી. મૂળા શેઠાણી પાછાં આવ્યાં. તેમને પોતાના કૃત્ય માટે પસ્તાવો થયો તેણે ચંદનબાળાની ક્ષમા માંગી. વિશાળહૃદયી ચંદનબાળાએ કહ્યું, "બા ! જો આમ ન થયું હોત તો ભગવાનને આહાર વહોરવવાનું સૌભાગ્ય મને કેવી રીતે પ્રાપ્ત

થાત ? તમે તો મારા પર અનંતો ઉપકાર કર્યો.” આવા વચનોથી ચંદનબાળાએ મૂળા શેઠાણીનો ક્ષોભ આનંદમાં ફેરવી દીધો. ધનાવહ શેઠ પાછા આવ્યા, તે પણ આ દ્રશ્ય જોઇને અતિ હર્ષ પામ્યા.

નગરમાં સહુને ભગવાનના પારણાની ખબર પડી ગઇ. કૌશાંબીના રાજા શતાનીક અને રાણી મૃગાવતી ત્યાં આવ્યાં. રાણી તો ચંદનબાળાને જોતાં જ બોલી ઊઠયાં, “અરે આ તો મારી ભાણેજ (બહેનની દીકરી) વસુમતી” કહી તેને હેતથી ભેટી પડયાં, ધનાવહ શેઠની સંમતિ લઇને તેઓ ચંદનબાળાને રાજમહેલે લઇ ગયાં.

ચંદનબાળા પાછી રાજમહેલમાં ગઇ, પણ ધનાવહ શેઠનો ઉપકાર ભૂલી નહિ. આટલો વૈભવ હોવા છતાં પણ એનું મન તો ધર્મમાં જ લાગેલું રહેતું.

સમય જતાં ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું. ચંદનબાળાને આ વાતની જાણ થતાં અતિ હર્ષ પામી. તેણે ભગવાનની પાસે જઇ ચારિત્ર ગ્રહણ કર્યું. તેઓ ભગવાનની સર્વ સાધ્વીઓમાં પ્રથમ સાધ્વી થયાં અને 36,000 સાધ્વીઓનાં અગ્રણી થયાં. સાધ્વી તરીકે આદર્શ જીવન જીવીને તેઓ સર્વ કર્મ ખપાવી મોક્ષ પામ્યાં.

**MORAL:**

દેવાનુપ્રિયો ! કર્મ સિદ્ધાંતની શ્રદ્ધા દઢતમ બનાવે તેવું ચંદનબાળાનું જીવન ચરિત્ર એટલે આત્મ આલયને સજાવતો સમતારુપી સમૃદ્ધ ભવ્ય મોતીનો હાર. કર્મ શત્રુઓને આત્મ આવાસમાં પ્રવેશ ન મળે, એવી સુદઢ પાળ.

આપણે એ જ પાઠ જીવનમાં ઉતારવાનો છે કે, સમતાભાવ, સહનશીલતા સર્વે કર્મોનો ક્ષય કરાવનાર અને આત્મ વૈભવને પ્રાપ્ત કરાવનાર અદ્‌ભુત ગુણ છે.


આત્મહિત ઇચ્છનાર દરેકે આવા ગુણોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો જ જોઈએ.

**પોતાના આત્માને જ દમવો જોઈએ, કારણ કે આત્મા જ દુર્દમ્ય છે. આત્માનું દમન કરનાર અર્થાત કષાયાત્માનું દમન કરનાર જ આ લોક અને પરલોકમાં સુખી થાય છે.**

# વિભાગ - 6 કાવ્ય વિભાગ

## રત્નાકર પચ્ચીસી સંપૂર્ણ

આવેલ દૃષ્ટિ માર્ગમાં મૂકી મહાવીર ! આપને
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને,
નેત્ર બાણો ને પયોધર નાભિ ને સુંદર કટિ
શણગાર સુંદરીઓ તણાં છટકેલ થઇ જોયા અતિ... 13



મૃગનયણી સમ નારી તણા મુખચંદ્ર નિરખવાવતી
મુજ મન વિશે જે રંગ લાગ્યો અલ્પ પણ ગૂઢો અતિ,
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયાં છતાં જાતો નથી
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી... 14



સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી
ઉત્તમ વિલાસ કળા તણી દેદીપ્યમાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું
ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરું... 15



આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે,
ઔષધ વિશે કરું યત્ન પણ ધર્મને હું નવ ગણું
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું... 16




આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે !
દીવો લઇ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે !... 17



મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રળ્યા જેવું થયું
ધોબી તણાં કૂત્તા સમ મમ જીવન સહુ એળે ગયું... 18



હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં
ખોટાં છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં,
જે પ્રગટ સુખ દેનાર તારો ધર્મ પણ સેવ્યો નહિ
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ કર કરુણા  કંઇ... 19



મેં ભોગ સારા ચિંતવ્યા પણ રોગ સમ ચિંતવ્યા નહિ
આગમન ઇચ્છયું ધન તણું પણ મૃત્યુ ને પ્રીછયું નહિ,
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ
મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો... 20


હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઇ કાર્યો નવ કર્યા
ફોગટ અરે ! આ લક્ષ ચોરાશી તણાં ફેરા ફર્યા... 21



ગુરુ વાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને
દુર્જન તણાં વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને ?
તરું કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી
તૂટેલ તળિયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી ?... 22

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી
તો આવતા ભવમાં કહો ક્યાંથી થશે હે નાથજી ?
ભૂત ભાવિને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો
સ્વામી ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો... 23

અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતાતણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનું ત્યાં મારું તો શું માત્ર આ ?
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઇની તો વાત ક્યાં ?... 24



(શાર્દૂલવિક્રીડિત છંદ)
તારાથી ન સમર્થ અન્ય દિનનો ઉદ્ધારનારો પ્રભુ
મારાથી નહિ અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ !
મુક્તિ મંગલ સ્થાન હોય મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્ રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી... 25






**અમોને તો સમકિત રુપી**
**લક્ષ્મી જોઈએ છે.**





# સાધુ વંદના (કડી 1 થી 15)






નમું અનંત ચોવીસી, ઋષભાદિક મહાવીર
જેણે આર્યક્ષેત્રમાં ઘાલી ધર્મની શીર...1

મહા અતુલ્ય બળી નર, શૂર વીર ને ધીર
તીર્થ પ્રવર્તાવી, પહોંચ્યા ભવ જળ તીર... 2

સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીસ
છે અઢી દ્વીપમાં, જયવંતા જગદીશ... 3

એકસોને સિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ
ધન્ય મોટા પ્રભુજી, તેમને નમાવું શીશ... 4

કેવળી દોય ક્રોડી, ઉત્કૃષ્ટ નવ ક્રોડ
મુનિ દોય સહસ્ત્ર ક્રોડી, ઉત્કૃષ્ટ નવ સહસ્ત્ર ક્રોડ... 5



વિચરે વિદેહે, મોટા તપસ્વી ઘોર
ભાવે કરી વંદું, ટાળે ભવની ખોડ... 6

ચોવીસે જિનના, સઘળા એ ગણધર
ચૌદસો ને બાવન, તે પ્રણમું સુખકાર... 7




જિન શાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ
ગૌતમાદિક ગણધરે, વર્તાવ્યો આનંદ... 8

શ્રી ઋષભ દેવના, ભરતાદિક સો પુત્ર
વૈરાગ્ય મન આણી, સંયમ લિયો અદ્‌ભુત... 9

કેવળ ઉપરાજ્યું, કરી કરણી કરતૂત
જિનમત દીપાવી, સઘળા મોક્ષ પહુંત... 10

શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ
આદિત્ય જશાદિક, પહોંચ્યા શિવપુર વાટ... 11

શ્રી જિન અંતરના, હુઆ પાટ અસંખ્ય
મુનિ મુક્તે પહોંચ્યા, ટાળી કર્મના વંક... 12



ધન્ય 'કપિલ' મુનિવર, નમું 'નમિ' અણગાર
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ત્ર રમણી પરિવાર...13

મુનિવર હરિકેશી, 'ચિત્ત' મુનિશ્વર સાર
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર... 14

વળી ઇષુકાર રાજા, ઘેર કમળાવતી નાર
ભૃગુ ને યશા, તેમના દોય કુમાર... 15

**હે ભગવાન!**
**સ્તવ-સ્તુતિમંગલ કરવાથી જીવને શું લાભ થાય છે?**

**સ્તવ-સ્તુતિ મંગલથી જીવને જ્ઞાન, દર્શન, ચરિત્ર સ્વરૂપ બોધિલાભની અર્થાત શ્રુત-ચરિત્ર-ધર્મની અભિરુચિ થાય છે. જ્ઞાન, દર્શન, ચરિત્ર સ્વરૂપ બોધિલાભથી સંપન્ન જીવ અંતક્રિયા યોગ્ય અર્થાત મોક્ષ મેળવવા યોગ્ય આરાધનાને પ્રાપ્ત થાય છે અથવા વૈમાનિક દેવ તરીકે ઉત્પન્ન થવા યોગ્ય આરાધના કરે છે.**

# ત્રણ મનોરથ

(તર્જઃ જ્યોત સે જ્યોત જગાતે ચલો)

ધન્ય એવી પળ ક્યારે મળે, મનના મનોરથ ક્યારે ફળે
પાપ ભરેલું જીવન આખું, આરંભનો નહીં પાર
મમતા મારી અજબ ગજબની પરિગ્રહની વણઝાર
આરંભ પરિગ્રહ ક્યારે ઘટે, પહેલો મનોરથ ક્યારે ફળે...

મુનિને જોતા હૈયું નમે છે, સંત કેવા સદ્ભાગી
પાપની વૃત્તિ, પાપ પ્રવૃત્તિ, સઘળી જેણે ત્યાગી
આવું મુનિપણું ક્યારે મળે, બીજો મનોરથ ક્યારે ફળે...

મૃત્યુ ટાણે મમતાના કોઇ બંધન ના અકળાવે
ખમી-ખમાવી, દેહ વોસિરાવી, આત્મ આરાધના થાયે
આવું પંડિત મરણ ક્યારે મળે, ત્રીજો મનોરથ ક્યારે ફળે...

માત્ર મનોરથ આ ત્રણ મારા, હે પ્રભુ ! પૂર્ણ કરજો
મોહ પ્રભાવે અન્ય મહેચ્છા, ઉરમાં ન કદી ઉઠજો
મુક્તિ મળે આપ કૃપા બળે, મનના મનોરથ બધા ફળે...

હું ક્યારે પંચ મહાવ્રત ધારણ કરી
સંયમ અંગીકાર કરીશ.

હું ક્યારે
આરંભ અને પરિગ્રહ
ઓછો કરી સાચા અર્થમાં
શ્રાવક બનીશ.



હું સંથારો ધારણ કરી
પંડિત મરણને પ્રાપ્ત કરવા,
ભાવના ભાવુ છું

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

## Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

: સંચાલિત :

## માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

## Matushree Maniben Manshi Bhimshi Chhadva- Dharmik Shikshan Board,

Aaradhya one Earth. Gr floor, H wing, Naidu colony, Pantnagar, Ghatkopar (East), Mumbai 400075


**E-mail: jainshikshanboard@gmail.com** **Website: www.jainshikshan.org**

### Our Website

Contact Details of Shikshan Board office
News and Events related to examination and breaking news
Know Goals and Visions of Board
Facility to enroll for forth coming exam online
Historical exams and answer papers available form 2016
Download online shreni books
Schedule of forth coming Shreni exams available
Access Photographs of various events
View Past exams results

### વેબ સાઇટમાં માહિતી

શિક્ષણ બોર્ડની ઓફિસના ફોન નંબર તથા ઇ-મેલ મેળવી શકશે.
બોર્ડ દ્વારા આગામી પરીક્ષાની માહિતી વિગતવાર મૂકવામાં આવશે.
બોર્ડના હેતુ તથા ધ્યેય જાણવા મળશે.
ઘર બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકાશે.
2016 થી પરીક્ષાના પેપર તથા જવાબો મેળવી શકાશે.
દરેક શ્રેણીનો અભ્યાસક્રમ ડાઉનલોડ કરી શકશો.
પરીક્ષા માટેની માહિતી સમયસર મળી શકશે.
પ્રોગ્રામના ફોટા જોઈ શકાશે.
ભૂતપૂર્વ આપેલી પરિક્ષાનું પરિણામ જોઇ શકશો.



पृथ्वीकाय
अप्काय
तेजस्काय
वायुकाय
त्रीन्द्रिय
चतुरिन्द्रिय
ति. पंचेन्द्रिय
नारक
देव
मनुष्य


મોક્ષમાર્ગ
જ્ઞાન
દર્શન
ચારિત્ર
તપ